# જ્ઞાનાંજન

પદ સંગ્રહ

ભાગ – ૧

-: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રેયસ પ્રચારક સભા**

૩૫, મોરબી હાઉસ, ડૉ. સુંદરલાલ બહલ પથ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૩૮.
ફોન : ૨૨૬૧ ૫૫૮૭

જ્ઞાનાજંન (પદ સંગ્રહ)

ભાગ–૧

નૂતન આવૃત્તિ : **૨૦૦૯**

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :

**શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી**

**શ્રી જે. બી. મોદી, પ્રમુખ**

૩૫, મોરબી હાઉસ, ડૉ. સુંદરલાલ બહલ પથ,

ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૩૮.

ફોનઃ ૨૨૬૧ ૫૫૮૭

પ્રકાશક વ્યવસ્થા :

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨.

ટે. ૨૨૦૧૭૧૩, ૨૨૦૮૫૫૯૩

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગળાચરણ | ૧ |
| અહો ! સત્પુરુષના વચનામૃત | ૨ |
| **શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત કાવ્યરત્નો** | |
| જિનેશ્વરની વાણી | ૪ |
| ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા | ૪ |
| નાભિનંદન નાથ, વિશ્વવંદન | ૪ |
| શાંતિ કે સાગર અરુ નીતિ કે | ૫ |
| જળહળ જ્યોતિ સ્વરૂપ તું | ૫ |
| મોતી તણી માળા ગળામાં | ૭ |
| સાહ્યબી સુખદ હોય | ૯ |
| પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને | ૧૧ |
| અનિત્યાદિ ભાવનાઓ | ૧૨ |
| ધર્મતત્ત્વ જો પૂછ્યું મને | ૧૪ |
| શુભ શીતળતામય છાંય રહી | ૧૫ |
| નીરખીને નવયૌવના | ૧૬ |
| મોહિની ભાવ વિચાર આધીન થઈ | ૧૭ |
| હતી દીનતાઇ ત્યારે તાકી પટેલાઇ | ૧૮ |
| બહુ પુણ્ય કેરા પુંજથી | ૧૯ |
| તપોપધ્યાને રવિરૂપ થાય | ૨૦ |
| ભિન્ન ભિન્ન મત દેખીએ | ૨૧ |

| | |
|---|---|
| લઘુ વયથી અદ્ભુત થયો | ૨૧–૨૨ |
| મારગ સાચા મિલ ગયા | ૨૨ |
| બીજાં સાધન બહુ કર્યાં | ૨૩ |
| હોત આસવા પરિસવા | ૨૩ |
| લોક પુરુષસંસ્થાને કહ્યો | ૨૪ |
| બિના નયન પાવે નહિ | ૨૬ |
| હે પ્રભુ, હે પ્રભુ, શું કહું | ૨૭ |
| યમનિયમ સંજમ આપ કિયો | ૨૯ |
| જડભાવે જડ પરિણમે | ૩૦ |
| જિનવર કહે છે જ્ઞાન તેને | ૩૨ |
| મૂળ મારગ સાંભળો જિનનો રે | ૩૩ |
| પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે | ૩૫ |
| અપૂર્વ અવસર એવો ક્યારે આવશે | ૩૬ |
| ધન્ય રે દિવસ આ અહો | ૪૦ |
| જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન | ૪૨ |
| ઇચ્છે છે જે જોગી જન | ૪૩ |
| શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની સ્તુતિ | ૪૫ |
| શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર | ૪૬ |
| આજ મને ઉછરંગ અનુપમ | ૬૧ |
| શ્રી ભક્તામર—સ્તોત્ર—વિનંતિ સાથે | ૬૩ |
| શ્રી કલ્યાણ મંદિર–સ્તોત્ર | ૭૩ |
| શ્રી મહાવીરાષ્ટક–સ્તોત્ર | ૮૨ |
| સામાયિક–પાઠ (સત્ત્વે સુમૈત્રી) | ૮૪ |

## શ્રી તીર્થંકર-સ્તવનો

### શ્રી આનંદઘનજી કૃત


| | |
|---|---|
| ૧ લા શ્રી ઋષભદેવ સ્વામી | ૯૧ |
| ૨ જા શ્રી અજિતનાથ સ્વામી | ૯૨ |
| ૩ જા શ્રી સંભવનાથ સ્વામી | ૯૩ |
| ૪ થા શ્રી અભિનંદન સ્વામી | ૯૪ |
| ૫ મા શ્રી સુમતિનાથ સ્વામી | ૯૫ |
| ૬ ઠ્ઠા શ્રી પદ્મપ્રભ સ્વામી | ૯૬ |
| ૭ મા શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | ૯૮ |
| ૮ મા શ્રી ચંદ્રપ્રભ સ્વામી | ૯૯ |
| ૯ મા શ્રી સુવિધિનાથ સ્વામી | ૧૦૧ |
| ૧૦ મા શ્રી શીતળનાથ સ્વામી | ૧૦૨ |
| ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ સ્વામી | ૧૦૩ |
| ૧૨ મા શ્રી વાસુપૂજ્ય સ્વામી | ૧૦૪ |
| ૧૩ મા શ્રી વિમળનાથ સ્વામી | ૧૦૫ |
| ૧૪ મા શ્રી અનંતનાથ સ્વામી | ૧૦૬ |
| ૧૫ મા શ્રી ધર્મનાથ સ્વામી | ૧૦૭ |
| ૧૬ મા શ્રી શાંતિનાથ સ્વામી | ૧૦૯ |
| ૧૭ મા શ્રી કુંથુનાથ સ્વામી | ૧૧૧ |
| ૧૮ મા શ્રી અરનાથ સ્વામી | ૧૧૨ |
| ૧૯ મા શ્રી મલ્લિનાથ સ્વામી | ૧૧૩ |
| ૨૦ મા શ્રી મુનિસુવ્રત સ્વામી | ૧૧૪ |

| | |
|---|---|
| ૨૧ મા શ્રી નમિનાથ સ્વામી | ૧૧૬ |
| ૨૨ મા શ્રી નેમિનાથ સ્વામી | ૧૧૮ |
| ૨૩ મા શ્રી પાર્શ્વનાથ સ્વામી | ૧૨૦ |
| ૨૪ મા શ્રી મહાવીર સ્વામી | ૧૨૨ |
| **શ્રી યશોવિજયજીકૃત** | |
| ૧ લા શ્રી ઋષભદેવ સ્વામી | ૧૨૩ |
| ૯ મા શ્રી સુવિધિનાથ સ્વામી | ૧૨૩ |
| ૧૦ મા શ્રી શીતળનાથ સ્વામી | ૧૨૪ |
| ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ સ્વામી | ૧૨૫ |
| ૧૩ મા શ્રી વિમળનાથ સ્વામી | ૧૨૬ |
| ૧૪ મા શ્રી અનંતનાથ સ્વામી | ૧૨૭ |
| ૧૯ મા શ્રી મલ્લિનાથ સ્વામી | ૧૨૮ |
| ૨૨ મા શ્રી નેમિનાથ સ્વામી | ૧૨૯ |
| **શ્રી દેવચંદ્રજીકૃત** | |
| ૨૪ મા શ્રી મહાવીર સ્વામી | ૧૩૦ |
| સમવસરણનું સ્તવન | ૧૩૨ |
| **શ્રી ઉદયરત્નજીકૃત** | |
| ૧ લા શ્રી ઋષભદેવ સ્વામી | ૧૩૩ |
| ૧૬ મા શ્રી શાંતિનાથ સ્વામી | ૧૩૩ |
| ત્વમેવ શરણં મમ | ૧૩૫ |
| **શ્રી મોહનવિજયજીકૃત** | |
| ૧ લા શ્રી ઋષભદેવ સ્વામી | ૧૩૬ |
| ૨ જા શ્રી અજિતનાથ સ્વામી | ૧૩૭ |

**શ્રી બુદ્ધિસાગરજીકૃત**

૨૨ મા શ્રી નેમિનાથ સ્વામી ૧૩૯

**શ્રી આનંદઘનજીના પદો**

અબધૂ સો જોગી ગુરુ મેરા ૧૪૩

મિલાપી આન મિલાઓ રે ૧૪૪

ક્યા સોવે ઊઠ જાગ બાઉરે ૧૪૫

અવધૂ ક્યા માગું ગુનહીના ૧૪૬

આશા ઓરનકી ક્યા કીજે ૧૪૭

તજ મન કુમતા કુટિલ કો સંગ ૧૪૮

અબ ચલો સંગ હમારે કાયા ૧૪૮

અબ હમ અમર ભયે ન મરેંગે ૧૪૯

આપ સ્વભાવમેં રે અવધૂ ૧૫૦

**ચાર કષાયોની સજ્ઝાય**

ક્રોધની સજ્ઝાય–શ્રી ઉદયરત્નજી ૧૫૧

માનની સજ્ઝાય ,, ૧૫૨

માયાની સજ્ઝાય ,, ૧૫૨

લોભની સજ્ઝાય ,, ૧૫૩

**અન્ય પદો**

સદ્‌ગુરુ પદમેં સમાત હૈં–શ્રી રત્નરાજ સ્વામી ૧૫૫

પ્રથમ નમું ગુરુરાજને ,, ૧૫૬

તારાં દર્શન માત્રથી દેવ ,, ૧૫૭

અમને અંત સમય ઉપકારી ,, ૧૫૮

સહજાત્મસ્વરૂપ સુણો વિનતિ રે ,, ૧૫૯

શ્રીમદ્ સદ્ગુરુ રે–શ્રી રત્નરાજ સ્વામી ૧૬૧
કૌન સુધારત કાજ ,, ૧૬૨
રામ સભામાં અમે રમવાને—શ્રી નરસિંહ મહેતા ૧૬૩
મેરો ઈતનો ચાહિએ—શ્રી આનંદઘનજી ૧૬૩
ગુણુ અનંત અપાર–શ્રી સમયસુંદર ૧૬૪
સાધુ ભેદ અગમરા બૂઝે–શ્રી ખીમદાસ સાહેબ ૧૬૪
કચ્ચા બે કચ્ચા–શ્રી મત્સ્યેન્દ્રનાથ ૧૬૫
ગુરુજી મૈં તો એક નિરંજન ધ્યાવું શ્રી ગોરખનાથ ૧૬૬
ગુરુ મેટ દિયો–જન્મ–મરણુ–સંત દેવીદાસ ૧૬૭
રામ તજુ –સંત રુખુબાઈ ૧૬૮
સત્ય પિપાસુ સુન હો– ૧૬૯
જ્યાં લગી આતમાતત્ત્વ–શ્રી નરસિંહ મહેતા ૧૭૦
મુંગા વાચા પામતા–બ્ર. શ્રી ગોવર્ધનદાસજી ૧૭૧
જો ભજે હરિ કો સદા–શ્રી બ્રહ્માનંદજી ૧૭૨
જેનો કાળ તે કિંકર થઇ રહ્યો–શ્રી મનહરદાસજી ૧૭૨
અબ મૈં સાચો સાહિબ પાયો–શ્રી જસવિજયજી ૧૭૩
પરમ કૃપાળુ દીન દયાળુ–શ્રી પુનિતજી ૧૭૪
હું દીન માનવ સાધનહીન ,, ૧૭૫
વ્હાલા મારા હૈયામાં રહેજે ,, ૧૭૫
વિનતી માહરી આજ ,, ૧૭૬
મોરી લાગી લટક ગુરુચરનનકી–શ્રી મીરાંબાઇ ૧૭૭
મારો જનમ જનમરો સાથી ,, ૧૭૮
કોઈ શ્યામ મનોહર લ્યો રે ,, ૧૭૯

| | |
|---|---|
| કીચસૌ કનક જાકે–શ્રી બનારસીદાસજી | ૧૭૯ |
| ભાવાર્થ—શ્રી કૃપાળુદેવ | |
| મન ફૂલા ફૂલા ફિરે જગત મેં–શ્રી કબીરજી | ૧૮૦ |
| ચદરિયા ઝીની રે બીની ,, | ૧૮૧ |
| તુમ ચંદન હમ પાની–શ્રી રૈદાસજી | ૧૮૧ |
| કૌન ઉતારે પાર–શ્રી ધર્મપાલ | ૧૮૨ |
| ભૂલો ભલે બીજું બધું–શ્રી સોહમ | ૧૮૨ |
| અહો ! રાજચંદ્ર દેવ–શ્રી મુનદાસ | ૧૮૩ |
| મનો બુદ્ધિ અહંકાર ચિત્તાનિ–શ્રી શંકરાચાર્યજી | ૧૮૫ |
| જન્મ મરણનાં દુઃખ તણો–શ્રી રાવજીભાઈ દેસાઇ | ૧૮૬ |
| આવ્યું આવ્યું અનુપમ નાવ ,, ,, | ૧૮૭ |
| હે રાજ તારા ચરણકમળે– | ૧૮૯ |
| વિરહો નહિ રે ખમાય | ૧૯૦ |
| પરકમ્મા કરીને લાગું પાય | ૧૯૧ |
| નાથ ! હું જેવો તેવો પણ તારો | ૧૯૨ |
| શાતા થોડી અશાતા ઘણેરી | ૧૯૨ |
| ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ | ૧૯૩ |
| ઈતના તો કર હો સ્વામી | ૧૯૪ |
| સૌરાષ્ટ્ર સુંદર દેશમાં | ૧૯૪ |
| સહજાત્મ–સ્વરૂપ ! ટાળો ભવકૂપ | ૧૯૬ |
| મારા મરણ વખતે બધી મિલકત | ૧૯૭ |
| મૂકું પગ મહેલમાં જ્યારે | ૧૯૮ |
| હરિ આમ છેટા છેટા ન રહીએ | ૧૯૯ |

## આલોચના-ક્ષમાપનાદિ


વંદો પાંચો પરમ ગુરુ ૨૦૦
હે નાથ ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો ૨૦૪
કીધાં હશે કુકર્મ દેહે (વાર્ષિક ક્ષમાપના) ૨૦૬
આ ભવ ને ભવોભવ ૨૦૭
વીતરાગનો કહેલો પરમ—શ્રીમદ્ રાજચંદ્રજી ૨૦૭
હે કામ ! હે માન ! હે સંગઉદય ! ,, ૨૦૮
ક્ષમાપના ૨૦૮
અંત સમયની ભાવના (સમાધિમરણ ગ્રંથમાંથી) ૨૧૦


## સ્તુતિ અને દેવવંદન


પ્રાતઃકાળની સ્તુતિ ૨૧૨
સાયંકાળનું દેવવંદન ૨૧૫
જય જય આરતી સદ્ગુરુ રાયા ૨૧૯
મંગળ દીવો ૨૨૦


## સ્તુતિ


શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ ૨૨૦
અહો ! અહો ! શ્રી સદ્ગુરુ ૨૨૨
પ્રણિપાત સ્તુતિ ૨૨૩
અકારાદ્યાનુક્રમ ૨૨૪
શુદ્ધિપત્રક ૨૩૨

## -: ૭મી આવૃત્તિની પ્રસ્તાવના :-

આ આધ્યાત્મિક પદસંગ્રહનું આ લઘુ પુસ્તક "જ્ઞાનાર્જન" ની ઈ.સ., ૧૯૭૯માં પ્રગટ થયેલું.

આ પુસ્તક પ્રિયતા પામવાને લીધે ઝડપભેર ખલાસ થયા ત્યાર પછી પણ ઘણાં સ્થળેથી જીજ્ઞાસુઓ તરફથી આ પુસ્તકની માંગ સતત ચાલુ રહી. એ વાત ધ્યાનમાં લઈ તેમની માંગણી સંતોષવાની ઈચ્છા થતાં આ ૭મી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદની લાગણીઅનુભવીએ છીએ.

ઈ.સ. ૨૦૦૯

જે.બી. મોદી
ટ્રસ્ટી



ૐ શ્રીમદ્ સદ્‌ગુરવે નમો નમઃ

## મંગળાચરણ

અહો શ્રી સત્પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સૂતી ચેતના જાગૃતકરમ્;
ગિરતી વૃત્તિ સ્થિર રખે, દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્‌ગુણ કોષ હૈ. ૧

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ. ૨

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરૂ પારાવાર હૈ;
ગુરૂભક્તિસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ. ૩

એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પરહિત કારણમ્,
જયવંત શ્રી જિનરાજવાણી કરૂં તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐકયતા લહી સહી સો નિજપદ લહે. ૪

અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા
અને સત્સમાગમ !
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપપ્રતીતિ,
અપ્રમત્ત સંયમ,
અને પૂર્ણ વીતરાગ
નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;
છેલ્લે
અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર !
ત્રિકાળ જયવંત વર્તો !
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રીમદ્ રાજચંદ્ર (પ. ૮૭૫)

પરમ કૃપાળુ દેવ

# શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત કાવ્યરત્નો

## શ્રી સદ્‌ગુરુ–સ્તુતિ

[ વસંતતિલકા ]

સાક્ષાત્ સરસ્વતી શું નરરૂપધારી ?
વાચસ્પતિ અવનિમાં શું ગયા પધારી ?
એવા વિતર્ક જનના મનમાં લસંતા,
શ્રી રાજચંદ્ર વચનામૃતને સુણંતા.

[ માલિની ]

અપ્રતિમ પ્રતિભાથી પૂર્ણ શ્રી રાજચંદ્રે,
અમૃતમયી પ્રસારી જ્ઞાનજ્યોત્સ્ના સુછંદે;
તહિં સુજન ચકોરો ન્હાઇ આનંદ પામે,
સુમન કુમુદ કેરો પૂર્ણ ઉદ્‌બોધ જામે.

## જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! **રાજચંદ્ર**, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

[શિ. પા. ૧૦૭]

---

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરું કામના;
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામના.
ભાખું મોક્ષ સુબોધ ધર્મ.ધનના, જોડે કથું કામના;
એમાં તત્ત્વ વિચાર સત્ત્વ સુખદા, પ્રેરો પ્રભુ કામના.

---

### છપ્પય

નાભિનંદન નાથ, વિશ્વવંદન વિજ્ઞાની;
ભવ બંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા;
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા;
શ્રીમરણહરણ તારણતરણ, વિશ્વોદ્ધારણ અઘ હરે;
તે ઋષભદેવ પરમેશપદ **રાયચંદ** વંદન કરે.

## મુનિને પ્રણામ

[મનહર પદ]

શાંતિ કે સાગર અરુ, નીતીકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી, સુખબાની પૂર્ણ પ્યારી,
સજનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો. ૧

રાગદ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો. ૨

(૧૭ માં વર્ષ પહેલાં)

---

## પ્રભુ પ્રાર્થના

(દોહરા)

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણુજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯

આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૦

કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨

નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૪

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫

તન મન ધન ને અન્નનું, દે સુખ સુધાસમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬

વિનય વિનંતી રાયની ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

(૧૭ મા વર્ષ પહેલાં)

---

## કાળ કોઈને નહિ મૂકે

(હરિગીત)

મોતીતણી માળા ગળામાં, મૂલ્યવંતી મલકતી,
હીરાતણા શુભ હારથી, બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને. ૧

મણિમય મુગટ માથે ધરીને, કર્ણ કુંડળ નાખતા,
કાંચન કડાં કરમાં ધરી, કશીએ કચાશ ન રાખતાં;
પળમાં પડ્યા પૃથ્વીપતિ, એ ભાન ભૂતળ ખોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને. ૨

દશ આંગળીમાં માંગલિક, મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા, પોંચી કળા બારીકથી;

એ વેઢ વીંટી સર્વ છોડી, ચાલિયા મુખ ધોઈને,
જન જાણીએ મન માનીએ,નવ કાળ મૂકે કોઈને. ૩

મૂછ વાંકડી કરી ફાંકડા થઈ, લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા, હરકોઈનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા, છટકયા તજી સહુ સોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૪

છો ખંડના અધિરાજ જે, ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઇને, ભૂપ ભારે ઊપજ્યા,
એ ચતુર ચક્રી ચાલિયા, હોતા નહોતા હોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૫

જે રાજનીતિનિપુણતામાં, ન્યાયવંતા નીવડયા,
અવળા કર્યે જેના બધા, સવળા સદા પાસા પડયા;
એ ભાગ્યશાળી ભાગિયા, તે ખટપટો સૌ ખોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને ૬

તરવાર બહાદુર ટેક ધારી, પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી, એ કેશરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે, અંતે રહેલા રોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૭

# ધર્મ વિષે

(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું ! ૧

મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકળ સિદ્ધાંતથી;
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી. ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશી વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;

પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩

ચાતુરો ચોંપેથી ચાહી, ચિંતામણિ ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે, પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી, કલ્પતરૂ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્માના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;
વદે **રાયચંદ** વીર, એવું ધર્મરૂપ જાણી,
"ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી." ૪

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું;
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું;
ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,
ધર્મ વિના ભાન નહીં, જીવ્યું કોના કામનું ?
ધર્મ વિના તાન નહીં, ધર્મ વિના સાન નહીં,
ધર્મ વિના ગાન નહીં, વચન તમામનું. ૫

ધર્મ વિના ધનધામ ધાન્ય ધૂળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં ધિક્કાર ધરાય છે;
ધર્મ વિના ધીમંતની ધારણાઓ ધોખો ધરે,
ધર્મ વિના ધાર્યું ધૈર્ય, ધૂમ્ર થઇ ધમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુતાશે, ન ધામધૂમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન ઢોંગ ઢંગે ધાય છે;
ધારે, ધારો ધવલ, સુધર્મની ધુરંધરતા,
ધન્ય! ધન્ય! ધામે ધામે, ધર્મથી ધરાય છે. ૬

વિ. સં. ૧૯૪૧

---

## શ્રી શાંતિનાથ ભગવાન

(સ્તુતિ)

પરિપૂર્ણ જ્ઞાને પરિપૂર્ણ ધ્યાને;
પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને,
નીરાગી મહા શાંતિ મૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.
દઉં ઉપમા તો અભિમાન મારું,
અભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું;
છતાં બાળરૂપે રહ્યો શિર નામી,
સ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી.
સ્વરૂપે રહી શાંતતા શાંતિ નામે,
બિરાજ્યા મહા શાંતિ આનંદ ધામે.

(૧૭ મા વર્ષ પહેલાં) (અપૂર્ણ)

# અનિત્યાદિ ભાવનાઓ

## અનિત્યભાવના

(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ!

## અશરણભાવના

(ઉપજાતિ)

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

## એકત્વભાવના

(ઉપજાતિ)

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

(શાર્દૂલવિક્રીડિત)

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;
સંવાદે પણ ઈંદ્રથી દઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

## અન્યત્વભાવના

(શાર્દૂલવિક્રીડિત)

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૂત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે! રે! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

(શાર્દૂલવિક્રીડિત)

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા;
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા;
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્યભાવે યથા.

## અશુચિભાવના

(ગીતિવૃત્ત)

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

## અંતર્દર્શન–નિવૃત્તિબોધ

(નારાચ છંદ)

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય–નેત્રને, નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું.

(દોહરો)

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.
(૧૭ મા વર્ષ પહેલાં : વવાણીઆ)

## સર્વમાન્ય ધર્મ

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ. ૨

સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક, વિના સૂર્યકિરણ નહીં દેખ. ૩

પુષ્પપાંખડી જ્યાં દૂભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ! ૫

એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬

તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, **રાજચંદ્ર** કરુણાએ સિદ્ધ. ૭

(વર્ષ ૧૭ મું : વવાણીઆ)

## ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ)

શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરૂ કલ્પ અહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે,
મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવી સદા પરિણામ થશે,
જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા,
ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
**નૃપચંદ્ર** પ્રપંચ અનંત દહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૫

(શિ. પા. ૧૫) વિ. સં. ૧૯૪૧

# બ્રહ્મચર્ય વિષે સુભાષિત

(દોહરા)

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન. ૧

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩

વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫

સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ,
જે નરનારી સેવશે, અનુપમ ફળ તે લેહ. ૬

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

(શિ. પા. ૩૪) (વર્ષ ૧૭ મું : વવાણીઆ)

# સામાન્ય મનોરથ

(સવૈયા)

મોહિનીભાવ વિચાર અધીન થઇ,
ના નીરખું નયને પરનારી;
પથ્થરતૂલ્ય ગણું પરવૈભવ,
નિર્મળ તાત્વિક લોભ સમારી!
દ્વાદશ વ્રત અને દીનતા ધરી,
સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
નિત્ય અખંડ રહો ભવહારી. ૧

તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન, વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્વનો,
ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું.
સંશયબીજ ઊગે નહીં અંદર,
જે જિનના કથનો અવધારૂં;
રાજ્ય, સદા મુજ એ જ મનોરથ,
ધાર, થશે અપવર્ગ ઉતારું. ૨

(શિ. પા. ૪૫)

## તૃષ્ણાની વિચિત્રતા

[મનહર છંદ]

(એક ગરીબની વધતી ગયેલી તૃષ્ણા)

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઇ અને,
મળી પટેલાઇ ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને.
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને
દીઠી દેવતાઇ ત્યારે તાકી શંકરાઇને;
અહો ! **રાજચંદ્ર** માનો માનો શંકરાઇ મળી,
વધે તૃષ્ણાઈ તોય જાય ન મરાઈને. ૧

કરોચલી પડી, દાઢી ડાચાં તણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે શ્વેતતા છવાઈ ગઇ;
સૂંઘવું, સાંભળવું, ને દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત આવલી તે, ખરી કે ખવાઇ ગઇ.
વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગરંગ ગયો;
ઊઠવાની આય જતાં લાકડી લેવાઈ ગઇ.
અરે ! **રાજચંદ્ર** એમ, યુવાની હરાઇ પણ,
મનથી ન તોય રાંડ મમતા મરાઈ ગઇ. ૨

કરોડોના કરજના શિર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઇ ગયું, શરીર સુકાઇને;

પુરપતિ પણ માંથે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ શકે ન પુરાઇને.
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઇને;
અરે! **રાજચંદ્ર** તોય જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છંડાય નહીં, તજી તૃષનાઈ ને. ૩

થઈ ક્ષીણ નાડી, અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો કેવળ ઝંખાઈ ને;
છેલ્લી ઇસે પડયો ભાળી ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઇ ને.
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેસ, બાળ તારી ચતુરાઇને!
અરે! **રાજચંદ્ર** દેખો દેખો આશાપાશ કેવો?
જતાં ગઈ નહીં ડોશે મમતા મરાઈને! ૪

(શિ.પા. ૪૯) (વર્ષ ૧૭ મું)

卐

## અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં ! ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, ‘તેહ’ જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો !
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

(શિ. પા. ૬૭) વર્ષ ૧૭ મું : વવાણીયા

## પૂર્ણમાલિકા મંગલ

(ઉપજાતિ)

તપોપધ્યાને રવિરૂપ થાય, એ સાધીને સોમ રહી સુહાય;
મહાન તે મંગળ પંક્તિ પામે, આવે પછી તે બુધના પ્રણામે. ૧

નિર્ગ્રંથ જ્ઞાતા ગુરૂ સિદ્ધિ દાતા, કાંતો સ્વયં શુદ્ધ પ્રપૂર્ણ ખ્યાતા;
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે, સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે. ૨

(શિ. પા. ૧૦૮)

## જગતમાં ભિન્ન ભિન્ન મત અને દર્શન જોવામાં આવે છે તે દૃષ્ટિભેદ છે

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.
તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ.
પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર.
ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય.
બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહિ હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય.
બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા,... ...

(પ. ૭૯) (વિ. સં. ૧૯૪૫)

## "સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા" આધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવ શંકા શી ત્યાંય?
જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત.
કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.
આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ.

(પ. ૭૭) વર્ષ ૨૨ મું

---

## મારગ સાચા મિલ ગયા

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી કયા કહું?.........................
ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ......
આપ આપકું ભુલ ગયા, ઈનસેં કયા અંધેર?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર.
જહાં કલપના—જલપના, તહાં માનું દુખ છાંઈ;
મિટે કલપના—જલપના, તબ વસ્તૂ તિન પાઈ.

હે જીવ! કયા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
ઐસી કહાંસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિં;
આપનકું જબ ભુલ ગયે, અવર કહાંસે લાઈ.
આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય;
આપ મિલન નય બાપકો.........................

(હાથનોંધ ૧/૧૨) મું. વૈ. વદ ૪ ગુરૂ, ૧૯૪૬

---

## બીજા સાધન બહુ કર્યાં

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.

---

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરૂ યોગ;
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.
(પ. ૧૫૪)

---

## આસ્રવ-સંવર

હોત આસવા પરિસવા, નહિં ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ. ૧

રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈં, કરતે નિજ સંભાલ. ૨

જિન સો હી હૈ આત્મા, અન્ય હોઇ સો કર્મ;
કર્મ કટે સો જિન વચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ. ૩

જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક. ૪

એહિ દિશાકી મૂઢતા, હૈ નહિં જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિં છૂટત દુઃખદાવ. ૫

વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસેં સમજ લે, જિનપ્રવચનકી છાપ. ૬

એહિ નહીં હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ. ૭

(હાથનોંધ ૧/૧૪. સું. વૈ. વદ ૪, ગુરુ ૧૯૪૬)

---

## લોક-અલોક રહસ્ય-પ્રકાશ

(ચોપાઈ)

લોક પુરૂષસંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કંઈ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઇ, કે સમજાવ્યાની ચતુરાઈ ?
શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ, કાં તો લઇએ દઇએ ક્ષેમ.

❋

શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?
પોતે શું ! કયાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાબ,

*

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરૂ ભગવાન.
ગુરૂ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઉપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

*

જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી.
મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંત ને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ.
જીવાજીવ સ્થિતિને જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઇ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય,'ઉપાય કાં નહીં ?' શંકા જાય.
એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ;
સમજે બંધયુક્તિયુત જીવ, નીરખી ટાળે શોક સદીવ.
બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્ગલ રચના કર્મ ખચીત;
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન.
જો કે પુદ્ગલનો એ દેહ, તો પણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્ત સ્થિર થઇશ.

*

જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.

સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.

(પ. ૧૦૭) મુંબઇ ફા. વદ ૧, ૧૯૪૬

---

## શ્રી સદ્ગુરૂકૃપા-માહાત્મ્ય

ૐ સત્

( દોહરા )

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧
બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરૂગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨
એહિ નહિ હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ, તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

(પ. ૨૫૮) મુંબઈ, અષાડ ૧૯૪૭

---

# શ્રી સદ્ગુરુભક્તિ–રહસ્ય

( દોહરા )

હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

(પ. ૨૬૪: વર્ષ ૨૪મું)

卐

# યમનિયમ સંજમ

(તોટકછંદ)

યમનિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહિ સબપેં. ૨

સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હૈ તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે,
ચતુરાંગુલ હે દગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી.
ગહિ જોગ જુગોજુગ સો જીવહિ. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

(પ. ૨૬૫) વર્ષ ૨૪ મું : રાળજ

## જડ ભાવે જડ પરિણમે

( દોહરા )

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઇ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨

જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજ પદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬

પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

*

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૧

(પ. ૨૬૬ : વર્ષ ૨૪મું)

## જ્ઞાનમીમાંસા

( હરિગીત )

**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો**

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧

નહિ ગ્રંથ માંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહીં બ્રહ્મચર્યથી,........................
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીનાં પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રીનંદિસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭

વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો;
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લો;
છેદ્યો અનંતા.........................................

(પ. ૨૬૭) રાળજ, ભાદ્રપદ સુદ ૮, ૧૯૪૭

---

## મૂળમાર્ગ–રહસ્ય

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે,
જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન, દર્શન ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરૂદ્ધ; મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ; મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્ગુરૂ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ૦

તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચરિત્ર તે અણુલિંગ. મૂળ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે,
જયારે વર્તે તે આત્મારૂપ; મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ; મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે,
ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

(પ. ૭૧૫) આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨

---

## પરમપદપંથ

(ગીતિ)

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે. ૧

મૂળ પરમપદ કારણ, સમ્યક્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ. ૨

જે ચેતન જડ ભાવો, અવલોકયા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રગટયે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે. ૩

સમ્યક્ પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યગ્ જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે. ૪

વિષયારંભ–નિવૃત્તિ, રાગ–દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય. ૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭

જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય. ૮

(પ. ૭૨૪) વવાણિયા : કા. ૧૯૫૩

---

## પરમપદપ્રાપ્તિની ભાવના

ૐ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરૂષને પંથ જો ? અપૂર્વ૦ ૧
સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;

અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઇ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮
નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો અપૂર્વ૦ ૯
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦
એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨
એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;

સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરુપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય **રાજચંદ્ર** મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

(પ૦ ૭૩૮) વર્ષ ૩૦ મું : વવાણિયા

---

## ધન્ય રે દિવસ આ અહો !

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી, મટયો ઉદયકર્મનો ગર્વ રે.
ધન્ય૦ ૧

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે,
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે.
ધન્ય૦ ૨

ઓગણીસસેં ને સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે રંચ રે.
ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહી રે.
ધન્ય૦ ૫

યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.
ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.
ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.
ધન્ય૦ ૮

(હાથનોંધ ૧/૩૨) વવાણિયા : સં. ૧૯૫૩

---

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.
(પ. ૭૭૯)

## જડ-ચેતન વિવેક

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

(પ. ૯૦૨) મુંબઈ, કા. વ. ૧૧, ૧૯૫૬.

# અંતિમ સંદેશ

ૐ

શ્રી જિન પરમાત્મને નમ:

(૧)

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરૂ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

(૨)

આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઇ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઇ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

(૩)

સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્‌ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

(પ ૯૫૪) વર્ષ ૩૪ મું. રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭

જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે, તે પ્રકાર અન્ય રૂપ છે; ધર્મરૂપ નથી. (પ. ૪૦૩)

શ્રી

# આત્મસિદ્ધિશાસ્ત્રની સ્તુતિ

(ઝુલણાછંદ)

૧

પતિત જન પાવની, સુરસરિતા સમી,
અધમ-ઉદ્ધારિણી, આત્મસિદ્ધિ;
જન્મ જન્માન્તરો, જાણતા જોગીએ,
આત્મ અનુભવ વડે, આજ દીધી.

૨

ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી;
ચારૂતર ભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી.

ૐ

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતરભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણા નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરૂ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ્ય ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષ જિનઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્‌ગુરૂના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્‌ગુરૂએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરૂલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરૂ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરૂ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનયતણો ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહિની કર્મથી, બૂડે ભવજળ માંહિ. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરૂ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાં જ મમત્વ. ૨૪

જે જિન દેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરૂને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહિ, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય; ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થી લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરૂ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરૂયોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતરરોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‍ગુરૂબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરૂશિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨

## ષટ્પદનામ-કથન

'આત્મા છે', 'તે નિત્ય છે,' 'છે કર્ત્તા નિજકર્મ';
'છે ભોકતા,' વળી 'મોક્ષ છે,' 'મોક્ષઉપાય સુધર્મ'. ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

## ૧. શંકા-શિષ્ય ઉવાચ

(આત્માના હોવા પણા રૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કરે છે)

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જૂદો માનવો, નહિ જૂદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

## ૧. સમાધાન–સદ્‌ગુરૂ ઉવાચ

('આત્મા છે' એમ સદ્‌ગુરૂ સમાધાન કરે છે)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઈંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

## ૨. શંકા–શિષ્ય ઉવાચ

(આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે)

આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહ યોગથી ઊપજે, દેહ વિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

## ૨. સમાધાન–સદ્ગુરૂ ઉવાચ

(આત્મા નિત્ય છે, એમ સદ્ગુરૂ સમાધાન કરે છે)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જૂદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઊપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઇને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય ૬૭

આત્મ દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

## ૩. શંકા–શિષ્ય ઉવાચ

(આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે)

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

## ૩. સમાધાન–સદ્‌ગુરૂ ઉવાચ

(કર્મનું કર્ત્તાપણું આત્માને જે પ્રકારે છે તે સદ્‌ગુરૂ સમાધાન કરે છે)

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારીમર્મ ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્ત્તા ઇશ્વર કોઇ નહિ, ઇશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ. ૭૮

## ૪ શંકા–શિષ્ય ઉવાચ

(તે કર્મનું ભોક્તપણું જીવને નહીં હોય? એમ શિષ્ય કહે છે)

જીવ કર્મ કર્ત્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯

ફળદાતા ઇશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઇશ્વરતણું, ઇશ્વરપણું જ જાય. ૮૦

ઇશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

### ૪. સમાધાન—સદ્‌ગુરૂ ઉવાચ

(જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે એમ સદ્‌ગુરૂ સમાધાન કરે છે.)

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઇશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

### ૫. શંકા—શિષ્ય ઉવાચ

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે)

કર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

### ૫. સમાધાન—સદ્‌ગુરૂ ઉવાચ

(તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે)

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

## ૬. શંકા—શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે)

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

## સમાધાન—સદ્ગુરુ ઉવાચ

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાનસમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહિનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ. ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યા કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્ત્તે અંતરશોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્ત્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખ ધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય. ૧૧૮

## શિષ્યબોધબીજપ્રાપ્તિ-કથન

સદ્ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્ત્તા, ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જયાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્ગુરૂ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્ત્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭*

---

* વધારાની ગાથા—

શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ,
તથા ભવ્ય હિત કારણે, કહ્યો બોધ સુખસાજ.

## ઉપસંહાર

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ;
ગુરૂઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરૂઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઇ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છુટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો ! વંદન અગણિત. ૧૪૨

---

સાધન સિદ્ધ દશા અહીં, કહી સર્વ સક્ષેપ;
ષટ્દર્શન સંક્ષેપમાં ભાખ્યા નિર્વિક્ષેપ.

શ્રી નડિયાદ, આસો વદ ૧, ગુરૂ, ૧૯૫૨

## આજ મને ઉછરંગ અનુપમ

આજ મને ઉછરંગ અનુપમ,
જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક,
તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

પ. ૧૫૭/૫

# વિનંતિ....

શ્રી આદિનાથ પ્રભુને અત્યંત ભક્તિ ભાવે
કોટી કોટી નમસ્કાર હો, નમસ્કાર હો.

હે નાથ!

આવા પંચમ કઠણ કળિકાળમાં આપ ભાવિક ભક્તોની આશા પૂર્ણ કરો છો. મારી પણ ઘણી ઘણી આશા પૂર્ણ થાય એવા પરચા આપી, પ્રભુ, ધર્મના આધારે ટકાવી તમે ઉપકાર કર્યો છે. તો હવે આ સંસારનાં જન્મ-મરણાદિ દુ:ખોથી મને રહિત કરો, રહિત કરો.

હે નાથ!

આ જીવે અનાદિ કાળથી મન, વચન અને કાયાના યોગે કરી ચોરાશી લાખ જીવ યોનિના જીવને હાલતાં ચાલતાં શારીરિક, માનસિક કિલામના પરિતાપ ઉપજાવ્યા હોય તે આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાવું છું. મારાં તે સર્વ પાપ નિષ્ફળ થાઓ, નિષ્ફળ થાઓ.

હે નાથ!

આ જીવ તો હવે રાગ દ્વૈષની ભૂલ ભૂલામણીવાળી કડી જેટલી જલદી તોડાય તેટલી જલદી તોડી, સ્વરૂપ સ્વદેશ જવાની ઉત્તમ પ્રિય મહત્ત્વાકાંક્ષા રાખે છે. મારી એ મહત્ત્વાકાંક્ષા જલદી જલદી પૂર્ણ કરો, પૂર્ણ કરો.

હે નાથ!

આપના ગુણગ્રામ કરતાં અનંત કર્મોની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે. ઉત્કૃષ્ટ રસે આજની ભક્તિ કરાવો. સ્તોત્ર બોલવા માટે આજ્ઞા માગું છું. મન, વચન અને કાયા આપને આત્મભાવે અર્પણ કરું છું. સંકલ્પ, વિકલ્પ વિચાર આવે તેનો હું કર્તા નથી અને ભોક્તા પણ નથી.

## શ્રી માનતુંગાચાર્ય વિરચિત

# શ્રી ભક્તામર–સ્તોત્ર

### ગુર્જર પદ્યાનુવાદ

(મંદાક્રાંતા)

દીપાવે જે મુગટ–મણિનાં, તેજને દેવતાના,
સંહારે જે [1]અઘતિમિરને, માનવોના સદાના;
જે છે ટેકા રૂપ ભવમહીં, ડૂબતાં પ્રાણીઓને,
એવા [2]આદિ જિનચરણને, વંદીને રૂડી રીતે. ૧

જેની બુદ્ધિ અતિશય બની, શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી, રે! કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે, સ્તોત્રમાંહે અધીશ,
તે શ્રી આદિ–જિનવરતણી, હું સ્તુતિને કરીશ. ૨
(યુગ્મ)

દેવો સર્વે મળી કરે, પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં, ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા, પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે, બાળ વિના સહેજે. ૩

સદ્ગુણોથી ભરપૂર તમે, ચંદ્રવત્ શોભનારા,
દેવોના એ ગુરૂ નવ શકે, ગુણ ગાઈ તમારા;
જે [3]સિંધુમાં પ્રલય સમયે, ઊછળે પ્રાણીઓ રે!
તેને ક્યારે પણ તરી શકે, કોણ રે! બાહુ જોરે? ૪

---

૧. પાપઅંધકાર ૨. આદિજિન ઋષભદેવ ભગવાન. ૩. સમુદ્ર.

એવો હું છું ગરીબજન તોયે, પ્રભુ! ભક્તિ કાજે,
શક્તિ જો કે મુજમહીં નથી, ગુણ ગાઈશ આજે;
જો કે શક્તિ નિજ મહીં નથી, તોય શું મૃગલીએ,
રક્ષા માટે શિશુતણી નથી, સિંહ સામે જતી એ? ૫

જો કે હું છું મતિહીન ખરે! લાગું છું પંડિતોને,
તોયે ભક્તિવશથકી પ્રભુ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુટુહુ કરે, ચૈત્રમાંહી જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા! આમ્રનો મોર જેમ. ૬

જન્મોનાં જે બહુ બહુ કર્યાં, પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં, ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે *તિમિર સઘળુ રાત્રિએ વિશ્વમાંય,
નાસે છે રે! સૂરજ ઉગતાં, સત્વરે તે સદાય. ૭

એવું માની સ્તવન કરવાનો, થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરો આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું, વારિબિંદુ જ જો છે,
એવી સ્તુતિ મનહર અહા! સજ્જનોને ગમે છે. ૮

દુરે રાખો સ્તવન કરવા, આપના એક ધારા,
પાપો નાશે જગજનતણાં, નામ માત્રે તમારા;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તોયે ખીલે કમળદળ તે, કિરણોથી વધારે. ૯

* અંધકાર.

એમાં કાંઈ નથી નવીનતા, નાથ ! દેવાધિદેવ !
ભક્તો સર્વે પદ પ્રભુતણું, પામતાં નિત્યમેવ;
લોકો સેવે કદિ ધનિકને, તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદતણી, આપ જેવા જ થાય. ૧૦

જોવા જેવા જગમહીં કહી, હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોયે ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મઝાનું,
ખારાં ખારાં ઉદધિ-જળને[1], કો પીએ કેમ માનું ? ૧૧

જે જે ઊંચા અણુ જગતમાં, ઠામ ઠામે પડ્યા છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા ! આપમાંહી જડ્યા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ, તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમુ, રૂપ ના અન્ય કો છે. ૧૨

જેણે જીતી ત્રિભુવન તણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જગગણુંતણા, ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશિ પણ પ્રભુ ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને, છેક પીળો જ દીસે. ૧૩

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં, હે પ્રભુ ! શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના, પૂર્ણિમાં ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા, આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીં તહીં જતાં, કોણ રોકી શકે છે ? ૧૪

---

૧ સમુદ્રના પાણીને

ઈંદ્રાણીઓ ચલિત કરવા, આદરે જો પ્રકારો,
તોયે થાતાં કદી નહિ અહા ! આપને રે વિકારો;
ડોલે જો કે સકળ [2]મહિધરો, કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા ! મેરૂ એ વાયરાથી. ૧૫

ક્યારે હોતાં નથી કદી અહા ! ધૂમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી ! દીવડો આપ કેરો. ૧૬

જેને રાહુ કદી નવ ગ્રસે, અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ–તેજ લોકોમહીં જે;
જેની કાંતિ કદી નવ હણે, વાદળાઓ સમીપે,
એવો કોઇ અભિનવ રવિ, આપનો નાથ ! દીપે. ૧૭

શોભે રૂડું મુખ પ્રભુતણું, મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે, વાદળાઓ ન ઢાંકે;
શોભે એવો મુખ–શશિ અહો ! હે પ્રભુ આપ કેરો,
જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. ૧૮

અંધારાને પ્રભુમુખરૂપી, ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહીં રવિ, માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે, શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા ! મેઘનું કામ દીસે ? ૧૯

૨ ગિરિ, પર્વતો,

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું, જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે, જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા ! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે, કાચની રે ! કદાપિ. ૨૦

જોયા દેવો પ્રભુજી ! સઘળા, તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા ! ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં, ભાવના એ ઠરે છે,
બીજો કોઈ તુજ વિણ નહિ, ચિત્ત મારું હરે છે. ૨૧

સ્ત્રીઓ આજે જગતભરમાં, સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ, પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા, ધારતી રે ! અનેક,
કિંતુ ધારે રવિ–કિરણને પૂર્વદિશા જ એક. ૨૨

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથી યે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. ૨૩

સંતો માને પ્રભુજી ! તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ ! બહુ એકરૂપે રહ્યા છો;
જ્ઞાની રૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. ૨૪

હવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા 'બુદ્ધ' આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે, તો 'મહાદેવ' આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે, છો 'વિધાતા' જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી ! સઘળા ગુણુથી 'કૃષ્ણુ' આપ. ૨૫

થાઓ મારાં નમન તમને, દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને, ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને, આપ દેવાધિદેવ,
થાઓ મારાં નમન તમને, સંસૃતિ કાળ જેવા. ૨૬

સર્વે ઊંચા ગુણુ પ્રભુ ! આપમાંહી સમાયા,
તેમાં કાંઇ નથી નવીનતા, ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીંતહીં ફરે, દૂર ને દૂર જાય,
જોયા દોષે કદી નવ પ્રભુ ! આપને સ્વપ્નમાંય. ૨૭

ઊંચા એવા તરૂવર અશોકે, પ્રભુઅંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું, દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું, સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યા વાદળાં રૂપ તોય. ૨૮

રત્નો કેરા કિરણુ–સમૂહે, ચિત્ર–વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. ૨૯

શોભે રૂડું શરીર પ્રભુજી! સ્વર્ણ જેવું મઝાનું,
વિંઝે જેને વિબુધ-જનતા, ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું ચંદ્ર જેવું જ હોય,
મેરૂ કેરા શિખર સરખું સ્વર્ણ રુપે ન હોય? ૩૦

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઉજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ-કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપકેરી. ૩૧

પૂર્યા ભાગો સકળ દિશના, ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ-જનને સૌખ્ય સંપત્તિ આપે;
કીધા જેણે બહુ જ વિજયો, રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભી યશ નભમહીં ઘોષણાથી જ ગાજે. ૩૨

મંદારાદિ સુરતરુ તણા, પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્યધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો, વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની રમ્ય માળા પડે છે. ૩૩

કાંતિ તારી અતિ સુખભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિ સમૂહની ઉગ્રતાથીય ઉગ્ર,
તોયે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથીય. ૩૪

પદ્મીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ, ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષાગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. ૩૫

સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે;
એવી જેના નખ–સમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી! પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. ૩૬

દીસે એવી પ્રભુજી! વિભૂતિ આપકેરા ખજાને,
દેતા જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી, સૂર્યકેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણતણી, કાંતિ વાસો વસે છે? ૩૭

જે કોપ્યો છે ભ્રમરગણના ગૂંજવાથી અતિશે,
જેનું માથું મદ–ઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો ×ગજપતિ કદી આવતો હોય સામે,
તોયે કાંઈ ભય નવ રહે હે પ્રભુ! આપ નામે. ૩૮

જે હાથીના શિરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે *મૃગપતિ કદી આવતો જો રહે છે
નાવે પાસે શરણ પ્રભુજી! આપનું જે ગ્રહે છે. ૩૯

×ઐરાવત હાથી *સિંહ.

કલ્પોકેરા સમય પરના વાયરાથી અતિશે,
ઊડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ-સ્મરણ-જળથી થાય છે શાંત તો તે. ૪૦

કાળો કાળો અતિશય બની લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઊછળે ફેણ જેની;
એવો મોટો [1]મણિધર કદી આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહિ તે, હે પ્રભુ! આપ નામે. ૪૧

અશ્વો કૂદે ગજગણ કરે, ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં, રાજતી જીત મિષે;
ભેદાયે તે તુરત પ્રભુજી! આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યનાં કિરણોથી. ૪૨

ભોંકાતાં જ્યાં [2]કરિ-શરીરમાં, લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહીંતહીં અહા! સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીતકેરી નિશાની,
લીધું જેણે શરણ, તુજ તો હાર હોયે જ શાની? ૪૩

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યાં નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહીંતહી બહુ જોરથી ઊછળે છે;
એવા [3]અબ્ધિમહીં કદી અહા! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી! તમને, ભીતિ તો દૂર થાય. ૪૪

૧. સર્પ. ૨. હાથીના શરીરમાં. ૩. સમુદ્રમાં.

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિએથી,
જેણે છોડી જીવન જીવવા, સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણ પ્રભુજી! આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. ૪૫

જે કેદીનાં પગમહીં અરે! બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવા કેદી–મનુજ પ્રભુજી! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી છૂટથી તે ફરે છે. ૪૬

ગાંડા હાથી, સિંહ, દવ અને સર્વ યુદ્ધે થયેલી,
[1]અબ્ધિકેરી, [2]ઉદર–દરદે, બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારૂં સ્તવન પ્રભુજી! પ્રેમથી રે! કરે છે. ૪૭

જેણે ગૂંથી ગુણગણરૂપે, વર્ણફૂલે રમુજી,
એવી માળા વિવિધ વિધિએ, આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. ૪૮

૧ સમુદ્રની ૨. પેટના વ્યાધિથી

# શ્રી કલ્યાણમંદિર–સ્તોત્ર

(હરિગીત છંદ)

કલ્યાણનું મંદિર અને ઉદાર ઇચ્છિત આપવે,
દાતા અભય ભયભીતને, સમર્થ દુરિત કાપવે;
સંસાર–દરિયે ડુબતાને નાવરૂપે જે વળી
નિર્દોષ પ્રભુના પદ-કમળને પ્રથમ હું પ્રેમે નમી. ૧

સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરૂ તે છેક શકિતહીણ દીસે;
વળી કમઠકેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે !
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે ! ૨

સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જિનરાજ ! શકિતમાન દુર્લભ મૂઢ મુજસમ છે થવા;
દિનઅંધ ધીરજવાન બચ્ચું ઘૂડનું જે તેહથી,
નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકે તે સ્નેહથી. ૩

અનુભવ કરે તુજ ગુણતણો, જન મોહના ટાળવા થકી,
નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણ ગણતાં કદી;
જેમ પ્રલયકાળ વડે ખસેલાં જળ થકી સમુદ્રનાં,
ખુલ્લાં થયેલા રત્ન–ઢગલા કો'થી માપી શકાય ના. ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ! તમારી હું,
આરંભતો કરવા સ્તુતિ પણ મંદ બુદ્ધિમાન છું;
શું બાળ પણ કહેતું નથી લંબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી ઉદધિતણા વિસ્તારને? ૫

હે ઈશ! યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે,
સામર્થ્ય મારું કયાંથી વર્ણન મુજથી તેનું થઈ શકે;
વિચારવિણનું કાર્ય આ ગણાય મારું તેહથી,
પણ પક્ષી શું પોતાતણી ભાષા કહો વદતાં નથી? ૬

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર! અરે,
તુજ નામ પણ સંસારથી ત્રિલોકનું રક્ષણ કરે;
જયમ ગ્રીષ્મ કેરા સખ્ત તાપ વડે મુસાફર જે દુઃખી,
તે થાય કમળ તળાવકેરા શીતળ વાયુથી સુખી. ૭

હે સ્વામિ! આપ હૃદય વિષે આવો તદા પ્રાણી તણા,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગતણા;
વનના મયૂરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદનતણા તરુથી જ સર્પો સદ્ય છૂટે છે નક્કી. ૮

દર્શન અહો જિનેંદ્ર! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુખ ભય–ભરેલાં સહેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી,
પશુઓ મુકાયે સદ્ય જેવા નાસતા ચોરો થકી. ૯

તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,
તમને હૃદયમાં ધારી ઊલટા તારતા સંસારીઆ;
આશ્ચર્ય છે! પણ ચર્મ કેરી મસકથી સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. ૧૦

હરિ, હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણ માત્રમાં તે રતિપતિને સહેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ માત્રને બુઝાવતું પળવારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં? ૧૧

હે સ્વામી! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો નિજ હૃદયમાં ધાર્યા થકી;
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સહેજમાં તરી જાય છે,
અથવા મહાન જનોતણો મહિમા અચિંત્ય ગણાય છે. ૧૨

હે ઈશ! જ્યારે પ્રથમથી આપે હણ્યો તો ક્રોધને,
આશ્ચર્ય! ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને?
અથવા નહિ આ અવનિમાં શું દેખવામાં આવતું,
શીતળ પડે જે હિમ તે લીલા વનોને બાળતું. ૧૩

હે જિન! યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદયકમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતાં;
પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું બી સંભવે,
શું કમળકેરી કર્ણિકાના મધ્યવિણ બીજે સ્થળે? ૧૪

ક્ષણમાત્રમાં જિનરાજ ! ભવિજન આપ કેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જ્યમ તીવ્ર અગ્નિ તાપથી મિશ્રિત ધાતુ હોય તે,
પત્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. ૧૫

હે જિન ! હંમેશાં ભવ્યજન જે દેહના અંતર વિષે,
ધરતા તમારૂં ધ્યાન તેનો નાશ કરતા કેમ તે ?
અથવા સ્વભાવ મહાન જન મધ્યસ્થનો એવો સદા,
વિગ્રહ તણો કરી નાશ ને શાંતિ પ્રસારે ઉભયથા. ૧૬

નહિ ભેદ હે પ્રભુ આપને આત્મા વિષે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નક્કી;
જે જળ વિશે શ્રદ્ધાથકી અમૃતતણું ચિંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે ? ૧૭

તમને જ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે !
કમળા તણા રોગેથી જેનાં નેત્ર પ્રભુ ! પીળાં રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી ના કહે? ૧૮

ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,
તરૂ પણ અશોક જ થાય તો શું મનુજનું કહેવું પછી ?
જ્યમ સૂર્યના ઊગ્યા થકી ના માત્ર માનવી જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ–પુષ્પ સાથે સહેજમાં પ્રફુલ્લિત થતાં. ૧૯

ચારે દિશાએ દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય ! નીચા મુખવાળાં ડીંટથી તે કયમ પડે ?
હે મુનીશ ! અથવા આપનું સામિપ્ય જવ પમાય છે,
પંડિત અને પુષ્પોતણા બંધન અધોમુખ થાય છે. ૨૦

જે આપના ગંભીર હૃદયના સમુદ્રમાંથી ઊપજે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
કાં કે કરીને પાન પરમાનંદને ભજતા થકા,
ભવિજન અહો ! એથી કરીને શીઘ્ર અજરામર થતા. ૨૧

દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામી ! આપ સમીપ તે,
હું ધારૂં છું નીચા નમી ઊંચા જતાં એમ જ કહે;
"મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધભાવી ઊર્ધ્વગતિને પામશે નિશ્ચય થકી." ૨૨

સુવર્ણ રત્નોથી બનેલા ઉજળા સિંહાસને,
ગંભીર વાણી વાનરૂપે શ્યામ સ્વામી આપને;
ઉત્સુક થઇને ભવ્યજનરૂપી મયૂરો નિરખે,
મેરૂ શિરે અતિ ગાજતા નવ મેઘસમ પ્રીતિ વડે. ૨૩

ઊંચે જતી તુમ શ્યામ ભામંડળ તણી કાંતિ વડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામી ખરે;
પ્રાણી સચેતન તો પછી વીતરાગ ! આપ સમાગમે,
રે ! કોણ આ સંસારમાં પામે નહિ વૈરાગ્યને ? ૨૪

"રે ! રે !! પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
જે મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી પાર્શ્વનાથને";
સુર-દુંદુભિનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ ! તે ત્રૈલોક્યને એમ જ કહે. ૨૫

હે નાથ ! આ ત્રિલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમાં તવ હીણ અધિકારી ઠર્યો;
મોતી સમૂહે શોભતાં ત્રણ છત્રના મિષે કરી,
આવ્યો પભુની પાસ, નક્કી રૂપ ત્રણ જાણે ધરી. ૨૬

કીર્તિ પ્રતાપ જ કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક્ય આ,
ગોળા રૂપે ભગવાન ! જયમ આપે પૂરેલાં હોય ના !
રૂપું, સુવર્ણ અને વળી માણિક્યથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે. ૨૭

પડતી પ્રભુ ! તુજ પાદમાં દેવેન્દ્ર નમતા તેમની,
રત્ને રચિત મુગટો તજીને દિવ્યમાળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે એ યોગ્ય થાયે સર્વથી,
વિભુ ! આપનો સંગમ થતાં સુમનો બીજે રમતા નથી. ૨૮

હે નાથ ! આ સંસારસાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વેશ ! તે તો યોગ્ય છે;
લોકો તરે માટી તણા ઘટ કર્મ પાક સહિતથી,
આશ્ચર્ય વિભુ ! પણ આપ તો છો રહિત કર્મ વિપાકથી. ૨૯

વિશ્વેશ, જનપાલક છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ ! અક્ષર છો, તથાપિ રહિત લિપિ સર્વથા;
વળી દેવ છો અજ્ઞાનીને પણ તારનાર સદૈવ જે,
વિચિત્ર તે ત્રિલોક–બોધક જ્ઞાન આપ વિષે સ્ફુરે. ૩૦

આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામી આપને;
છાયા પરંતુ નાથ ! તેથી આપની ઢંકાઈ નથી,
ઊલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી. ૩૧

વીજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે છોડયો પ્રભુ ! ગાજતો,
તેણે અહો જિનરાજ ! ઊલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તીક્ષ્ણ છૂરી તરવાર કેરું કામ તે સાચું કર્યું. ૩૨

વિકરાળ ઊંચા કેશ લટકે માળ શબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;
એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો. ૩૩

હે ત્રણ ભુવનના નાથ ! જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધિવત્ પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,
આ પૃથ્વીમાં તે ભવ્યજનને હે પ્રભુજી ! ધન્ય છે. ૩૪

હે મુનિશ ! આ સંસારરૂપ અપાર સાગરને વિષે,
હું માનું છું તુમ નામ નહિ મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યા પછી શુદ્ધ મંત્રરૂપી આપના શુભ નામને,
આપત્તિરૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે ? ૩૫

હે દેવ ! જન્માંતર વિષે પણ આપનાં બે ચરણ જે,
બળવાન ઈચ્છિત આપવે તે મેં નહિ પૂજ્યા હશે;
હે મુનિશ ! હું તેથી કરીને જરૂર આ ભવને વિષે,
સ્થળ હૃદયવેધક પરાભવનું તે થયો જાતે દીસે. ૩૬

નિશ્ચય અરે ! મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી,
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;
કેવી રીતે થઇ હૃદયવેધક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. ૩૭

કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નીરખ્યા હશે,
પણ પ્રિતિથી ભક્તિ વડે, નહિ હૃદયમાં ધાર્યા હશે;
જનબંધુ ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિષે,
કાં કે ક્રિયા ભાવે રહિત નહિ આપતી ફળ કાંઈએ. ૩૮

સુખકારી શરણાગત પ્રભુ ! હિતકારી જન દુઃખિયા તણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ ! સ્થળ કરૂણા અને પુણ્ય જ તણા;
નમતો પ્રભુ ! હું ભક્તિથી તો મહેશ ! મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરૂણા વડે. ૩૯

અસંખ્ય બળનું શરણ ને વળી શરણ કરવા યોગ્ય જે,
અરિ નાશથી થઈ કીર્તિ એવા આપના પદકમળને;
શરણે છતાં પણ ભુવનપાવન! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયેલો, હણવા જ માટે યોગ્ય જો. ૪૦

હે અખિલ વસ્તુ જાણનારા! વંદ્ય! હે દેવેંદ્ર! ને,
સંસારના તારક! અને ભુવનાધિનાથ! પ્રભુ તમે;
ભયકારી દુઃખ દરિયાથકી આજે પવિત્ર કરો અને,
કરૂણાતણા હે સિંધુ! તારો, દેવ! દુઃખિયાને મને. ૪૧

હે નાથ! આપ ચરણકમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિકેરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય! માત્ર આપને શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો. ૪૨

એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાન ને,
અતિ હર્ષથી રોમાંચી જેના શરીર કેરા અંગને;
તુજ મુખકમળ નિર્મળ વિષે જિનેન્દ્ર! બાંધી દૃષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ! રચે છે, આપ કેરી સ્તુતિને. ૪૩

(આર્યા)

જનનયન કુમુદચંદ્ર સ્વામી,
ચળકતી સંપદ સ્વર્ગની જ પામી;
નિર્મળ મનના થવા થકી એ
તુરત જશે જન મોક્ષને વિષે તે. ૪૪

### કવિ ભાગચંદ્રજી વિરચિત

# શ્રી મહાવીરાષ્ટક–સ્તોત્ર

## [ગુર્જર પદ્યાનુવાદ]

### [શિખરિણી]

સમગ્રે સંસારે ચર અચર ભાવો પ્રગટતાં,
જુએ છે જે તત્ત્વે સહજ વ્યય–ઉત્પાદ–ધ્રુવતા;
પરં સાક્ષી જેઓ જગતજનના છે રવિસમા,
મહાવીરસ્વામી નયનપથગામી જિનવરા. ૧

અરે જેના ચક્ષુ વિષય–વિષલાલી રહિત જ્યાં,
ક્ષમા દૃષ્ટિમાં છે પરમગુણ વાત્સલ્યભર ત્યાં;
સદા અંગો જેના પ્રશમ રસભાવે તરી રહ્યા,
મહાવીરસ્વામી પરમ પથનેતા પ્રભુવરા. ૨

નમે જ્યારે ઇંદ્રો મણિમુગટધારી ચરણમાં,
મણિરત્નો દીપે પુનિત પદ તેજે પ્રભુતણા;
ભવજ્વાળા–તાપો સ્મરણજળથી જ્યાં ઠરી જતાં,
મહાવીરસ્વામી શિવપદ–વિધાતા જગતના. ૩

પ્રભુપૂજા ભાવે મુદિત–મન મંડૂક બનતાં,
મળી રિદ્ધિ–સિદ્ધિ સુરપદતણી માત્ર ક્ષણમાં;
પ્રભુભક્તિ આપે શિવસુખ સદા ભક્તજનને,
મહાવીરસ્વામી સહજ સુખ દેતા જગતને. ૪

પ્રભાવાળી પ્રજ્ઞા અતિશયપણે જ્યાં પ્રગટતી,
સદા શાંતિ આપે પ્રણતજન કલ્પદ્રુમ સમી;
ભવાંકુરો ભાંગી અચળ સુખમાં જે સ્થિર થયા,
મહાવીરસ્વામી અમર પદદાતા ભવિતણા. ૫

વહે વાણીગંગા વિવિધ નયથી પૂર્ણ વિમળા,
પ્રમાણે પ્રખ્યાતા સકળ જનને પાવનકરા;
ખરી શાંતિ પામ્યા વિબુધજન જેના સ્મરણથી,
મહાવીરસ્વામી નિકટ પથ નેતા સ્મરણથી. ૬

ખરે ! જીત્યા જેણે ત્રિભુવનજયી કામ—સુભટો,
કુમારાવસ્થામાં બહુ બહુ ગણાતા બળવતો;
સ્ફુરે નિત્યાનંદો અચળપદ—લબ્ધિ પ્રગટતાં,
મહાવીરસ્વામી ચિરસુખ-વિધાતા મનુજના. ૭

મહા મોહે રોગે સુખકર સમા વૈદ્ય જગના,
નિરાપેક્ષા બંધુ અશરણ ભયાકુળ જનના;
ખરું સાધુનું છે ભવશરણ જે ઉત્તમ ગુણે,
મહાવીર સ્વામી અચળ સુખદાતા પ્રતિપળે. ૮

(સમશ્લોકી પદ્યાનુવાદ : શ્રી મગનલાલ મો. શાહ)

*

श्री અમિતગતિઆચાર્યકૃત

# સામાયિકપાઠ

(સમશ્લોકી પદ્યાનુવાદકર્તા–શ્રી. મગનલાલ મો. શાહ)

[ઉપજાતિ]

સત્ત્વે સુમૈત્રી ગુણીમાં પ્રમોદ,
દુઃખી પ્રતિ હો અનુકંપ–બોધ;
વૈરી પરત્વે પ્રગટો સુસામ્ય,
આવું સદા હો મુજ આત્મ રમ્ય. ૧

આત્મીય શક્તિ પ્રગટાવવામાં,
શરીરથી ભિન્ન સદા થવામાં;
જે સત્ય ન્યાય અસિમ્યાન માનું,
તારી કૃપાથી વધતો પ્રમાણું. ૨

દુઃખે સુખે મિત્ર–અમિત્રતામાં,
યોગે વિયોગે વનમાં ગૃહોમાં;
મમત્વભાવો ન રહો જરાય,
સમાન સૌમાં મન હો સદાય. ૩

જે પાદ–યુગ્મે ધરતા જ ધ્યાન,
જેમાં કર્યું છે મન એકતાન;
કાપે બની દીપક અંધકારો,
તે દેવ મારા હૃદયે વિરામો. ૪

હે દેવ! જીવો જગના બધાયે,
એકેન્દ્રિયાદિ ગણતાં ગણાયે;
પ્રમાદથી મેં ગુણ–લબ્ધિ લૂંટી,
તે દોષની હો સઘળી વિશુદ્ધિ. ૫

વિમુક્તિ-માર્ગે ઊલટા સ્વભાવે,
થયા કષાયો જ કુબુદ્ધિ-ભાવે;
ચારિત્ર શુદ્ધિ વિરૂપે દબાવી,
મિથ્યા હજો એ જ ક્રિયા અમારી. ૬

ગર્હા કરૂં આત્મ સમક્ષ જેની,
દોષો થયાં ત્રિકરણે જ તેની;
તજું જ પાપો ભવદુઃખકારી,
વાદી નિવારે વિષ મંત્ર ભારી. ૭

ચારિત્રધર્મે અતિચાર લાગ્યા,
વ્યતિક્રમોથી જીવને દુભાવ્યા;
પ્રમાદથી જે અસમાધિ રાખું,
તે શુદ્ધિ માટે વિધિએ વિરામું. ૮

અતિક્રમો જે મનની અશુદ્ધિ,
વ્યતિક્રમો એ જ અશીલ બુદ્ધિ;
ઇન્દ્રિયભોગે અતિચાર જાણું,
આસક્તિથી દોષ ચતુર્થ માનું ૯

જે અર્થમાં પદ–વાક્ય લોપ્યું,
અજ્ઞાનથી જે અવળું પ્રરૂપ્યું;
*દેવી ! કરો માફ જ દોષ મારો,
સુબુદ્ધિ આપો તરવા કિનારો. ૧૦

જે આપતી બોધિ સમાધિ શુદ્ધિ,
સ્વાત્મોપ–લબ્ધિ શિવ સૌખ્ય–સિદ્ધિ;
ઇચ્છિત આપે જગમાં બધુએ,
*દેવી ! તને હું નમતો સદાયે. ૧૧

સ્મરાય છે સર્વ મુનીન્દ્ર–વૃન્દે,
પૂજાય છે જે નરદેવ–ઇન્દ્રે;
શાસ્ત્રોપુરાણો ગુણગાન ગાતાં,
તે દેવ મારા હ્રદયે ગવાતા. ૧૨

સ્વભાવથી જે સુખજ્ઞાનદર્શી,
સંસારના સર્વ વિકારભક્ષી;
પરમાત્મસંજ્ઞી સુસમાધિગમ્ય,
તે દેવ હુંમાં ન રહો અગમ્ય. ૧૩

તોડી પ્રભુએ ભવદુઃખજાલ,
જાણી સદા આ જગ અંતરાલ;
ભાસે જ અંતર્ગત યોગીઓને,
તે દેવ મારા હ્રદયે વસોને. ૧૪

* સરસ્વતિ–જિનેશ્વરની વાણી.

વિમુક્તિમાર્ગે પ્રતિપાદકો જે,
દુઃખી ભવાબ્ધિ–ભય તારકો તે;
ત્રિલોક–દૃષ્ટા અકલંક–રૂપી,
તે દેવ મારા મનના સ્વરૂપી. ૧૫

પ્રાણી પ્રતિ છે કરુણા અશેષ,
રાગાદિ દોષો ન રહ્યા જ લેશ;
અતીન્દ્રિય જ્ઞાન–રૂપે સ્વભાવે,
તે દેવ મારા હૃદયે બિરાજે. ૧૬

જે વ્યાપ્ત છે વિશ્વ સમગ્ર ભાગે,
વિશુદ્ધ ને સિદ્ધ થયા સ્વભાવે;
જ્ઞાને કરી સર્વ હણ્યા વિકારો,
તે સિદ્ધ મારા હૃદયે વિરામો. ૧૭

પ્રાગટ્ય સૂર્યે ન જ અંધકાર,
ન કર્મ સ્પર્શે પ્રભુને લગાર;
જે ન્યાયથી એક અનેક જાણો,
તે દેવ મારું શરણું પ્રમાણો. ૧૮

દ્રવ્યે પ્રકાશે રવિ એક લોકે,
ભાવે પ્રકાશે પ્રભુ સર્વલોકે;
બોધે પ્રકાશે સ્થિતપ્રજ્ઞ ભાવે,
તે દેવ મારા હૃદયે વિરામે. ૧૯

જોતાં સદા જે પ્રભુને સ્વભાવે,
જાણે જ તે વિશ્વ બધું પ્રભાવે;
જે છે સદા શુદ્ધ પરમાત્મ રૂપ,
તે દેવ મારા મનનું સ્વરૂપ. ૨૦

જેણે હણ્યા મન્મથ માન મૂર્છા,
વિષાદ નિદ્રા ભય શોક ચિંતા;
અગ્નિ દહે જેમ વને તરુઓ,
તે દેવ મારું શરણું સદા હો. ૨૧

બ્રાહ્યાસનોથી ન સમાધિ જાણો,
કષાય ત્યાગે સુગતિ પ્રમાણો;
સર્વજ્ઞ-વાણી સ્વરૂપે વિચારો,
સુબુદ્ધિએ નિર્મળ તત્ત્વ જાણો. ૨૨

જાણો નહીં સાધન મોક્ષમાર્ગે,
માનાદિ પૂજા વધતા પ્રવાહે;
થાને સદા તું નિજ આત્મરાગી,
વિભાવ છોડી બનજે વિરાગી. ૨૩

મારાં નથી બાહ્ય પદાર્થ સર્વે,
તેનો નથી હું પણ એ કદીએ;
એવું વિચારી તજવા સદાયે,
તે જીવ મુક્તિપદને વરે છે. ૨૪

જુએ-સ્વ-આત્મા-પરમાત્મ–ભાવે,
પોતે જ છે જ્ઞાન રૂપે સ્વભાવે;
એકાગ્ર એવું ધરતો જ ધ્યાન,
તે સાધુ પામે સુખનું નિધાન. ૨૫

શાશ્વત સદા એક જ આત્મ માનું,
સ્વભાવથી તે જ વિશુદ્ધ ધારૂં;
બહિર ભાવે વળગ્યાં જ કર્મો,
અશાશ્વતા તે જ વિભાવ–ધર્મો. ૨૬

શરીર સાથે નહિ ઐકય જેનું,
સ્રી પુત્ર સાથે ન જ હોય તેનું;
ત્વચા જતાં હોય ન રોમ–છિદ્રો,
શાથી રહે રોમ શરીરમાં તો ? ૨૭

સંયોગથી દુઃખ અનેક ભેદે,
જન્મો ધરી ભોગવતો ત્રિવેદે;
વિભાવ દોષો તજતાં જ જાણો,
નિવૃત્તિ–માર્ગે ફરતો પ્રમાણો. ૨૮

વિકલ્પ સર્વે તજ તું જ પ્રાણી,
સંસારવૃદ્ધિ–રૂપનાં અનાદિ;
છું ભિન્ન તું આ જડથી સદાયે,
તલ્લીન થા તું પરમાત્મ તત્ત્વે. ૨૯

આત્મા વડે કર્મ કરાય જેવાં,
ફળો શુભાશુભ મળે જ તેવાં;
કર્મો ફળે જો પરથી કરેલાં,
થાશે નિરર્થક નિજથી કરેલાં. ૩૦

પોતે જ પ્રાણી સુખનો વિધાતા,
કદાપિ કોઈ નહિ દુઃખદાતા;
વિચારતાં એ જ મને સદાય,
સ્વભાવમાં લીન થતાં ગણાય. ૩૧

જે વંદ્ય સૂરિ અમિતગતિના,
સંસારનાં સૌ ભયને તરેલા;
જેનાં મનો એ પદમાં રમે છે,
તેઓ ભવાબ્ધિ–ભયને તરે છે. ૩૨

(અનુષ્ટુપ વૃત્ત)

આ બત્રીસ સ્તુતિ પદ્યે, ભજે જે પરમાત્મને;
અનન્ય ભાવથી નિત્યે, તે પામે પદ અવ્યય.

### શ્રી આનંદઘનજીકૃત

# શ્રી તીર્થંકર-સ્તવનો

## ૧ લા શ્રી ઋષભદેવ સ્વામી

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ–અનંત.
ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.
ઋષભ૦ ૨

કોઇ કંત કારણ [૧]કાષ્ઠભક્ષણ કરે રે; મિલશું કંતને ધાય;
એ મેળો નવિ [૨]કહિયે સંભવે રે; મેળો ઠામ ન ઠાય.
ઋષભ૦ ૩

કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન [૩]ધાતુ મિલાપ.
ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ,
ઋષભ૦ ૫

---

૧. કાષ્ઠમાં બળી મરે. ૨. કદિયે. ૩. પ્રકૃતિ.

ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.
ઋષભ૦ ૬

---

## ૨ જા શ્રી અજિતનાથ સ્વામી

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે,
અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે,
પુરુષ કિશ્યું મુજ નામ ? પંથડો૦ ૧

ચરમ-નયણ કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે,
નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨

પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩

તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે,
વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર. પંથડો૦ ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે,
આનંદઘનમત અંબ. પંથડો૦ ૬

## ૩ જા શ્રી સંભવનાથ સ્વામી

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુસેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.
સંભવ. ૧

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ.
સંભવ. ૨

[1]ચરમાવર્તહો [2]ચરમકરણતથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન–વાક.
સંભવ. ૩

પરિચય પાતિક-ઘાતિક[3]સાધુશું રે, અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નયહેત.
સંભવ. ૪

૧. છેલ્લું પુદ્ગલ–પરાવર્ત્ત. ૨. અનિવૃત્તિકરણ ૩. પાપનો નાશ કરનાર.

કારણજોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત-ઉન્માદ.
સંભવ. ૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ.
સંભવ. ૬

## ૪થા શ્રી અભિનંદન સ્વામી

અભિનંદન જિન દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.
અભિ૦ ૧

સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિશશિરૂપ વિલેખ.
અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ.
અભિ૦ ૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ[1] ! કોઈ ન સાથ;
અભિ૦ ૪

૧. માર્ગદર્શક ભોમિયો.

દરિશણ દરિશણ રટતો જો ફિરું, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.
અભિ૦ ૫

[૨]તરસ ન આવે હો મરણ-જીવન તણો, સીઝે જો દરિશણ કાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.
અભિ૦ ૬

---

## ૫ મા શ્રી સુમતિનાથ સ્વામી

સુમતિચરણકજ આતમઅરપણા,
દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિતરપણ બહુ સમ્મત જાણીએ,
પરિસરપણ સુવિચાર સુજ્ઞાની, સુમતિ. ૧

ત્રિવિધ સકલ તનુધરગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો,
પરમાતમ અવિચ્છેદ; સુજ્ઞાની, સુમતિ૦ ૨

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની, સુમતિ૦ ૩

---

૨. ત્રાસ.

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણમણિઆગરુ,
એમ પરમાતમ સાધ, સુજ્ઞાની, સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા–
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમઅપર્ણ–દાવ, સુજ્ઞાની, સુમતિ૦ ૫

આતમ–અર્પણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે,
આનંદઘન રસ પોષ, સુજ્ઞાની, સુમતિ૦ ૬

## ૬ ઠ્ઠા શ્રી પદ્મપ્રભ સ્વામી

પદ્મપ્રભ જિન, તુજ–મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઇને રે, કોઈ કહે મતિમંત.
પદ્મપ્રભ૦ ૧

[1]પયઈ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ.
પદ્મપ્રભ૦ ૨

૧. કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ (રસ) અને પ્રદેશબંધ એવા બંધના ભેદ છે. કર્મમાં મૂળભેદ અને ઉત્તરભેદ ઘણાં છે.

[1]કનકોપલવત્ પયડિ-પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય.
પદ્મપ્રભ૦ ૩

કારણજોગે હો બંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય;
આસવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય.
પદ્મપ્રભ૦ ૪

[2]યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, [3]ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઉકતે કરી પંડિતજન કહ્યો રે, અંતરભંગ સુઅંગ.
પદ્મપ્રભ૦ ૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, [4]વાજશે મંગલ તૂર;
[5]જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘનરસપૂર.
પદ્મપ્રભ૦ ૬

---

૧. પત્થર સાથે જેવો સુવર્ણ (સોના) નો સાંયોગિક સંબંધ છે. ત પ્રમાણે જીવ અને કર્મનો અનાદિનો સાંયોગિક સંબંધ છે.
૨. આત્માને કર્મ સાથે સંબંધ કરવાની ક્રિયાને યુંજનકરણ કહે છે.
૩. જ્ઞાનદર્શન-ચારિત્રરૂપ આત્મગુણમાં પ્રવર્તે તો ભગવાન સાથેનું અંતર ભાંગે.
૪. મારા અંતરમાં મંગળસૂચક સુમધુર અનાહત ધ્વનિની ઉત્પત્તિ થશે.
૫. મારું આત્મારૂપી સરોવર આનંદ સમૂહ અને શાંત સુધારસના પૂરથી અત્યંત વૃદ્ધિ પામશે-ભરપૂર બની જશે.

## ૭ મા શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ, લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ, લલના.
શ્રી સુ૦ ૧

સાત મહાભય ટાલતો, સપ્તમ જિનવર દેવ; લ૦
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦
શ્રી સુ૦ ૨

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન; લ૦
જિનઅરિહા તીર્થંકરુ, જ્યોતિ સરૂપ અસમાન. લ૦
શ્રી સુ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલજંતુ–વિશરામ; લ૦
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦
શ્રી સુ૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦
નિદ્રા તંદ્રા દૂરંદશા, રહિત અબાધિત યોગ. લ૦
શ્રી સુ૦ ૫

પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન્ન. લ૦
શ્રી સુ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ; લ૦
અઘહર અઘમોચન ધણી, મુક્તિપરમપદ સાથ. લ૦
શ્રી સુ૦ ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર; લ૦
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦
શ્રી સુ૦ ૮

---

## ૮મા શ્રી ચંદ્રપ્રભ સ્વામી

દેખણ દે રે સખિ, મુને દેખણ દે,
ચંદ્રપ્રભ મુખચંદ, સખિ૦
[1]ઉપશમ રસનો કંદ સ૦
સેવે સુર નર ઇંદ; સખિ૦

ગત કલિમલ દુઃખ દ્વંદ્વ. સખિ. મુને૦ ૧
[2]સુહમ નિગોદે ન દેખિયો સખિ૦
બાદર અતિહિ વિશેષ; સ૦
[3]પુઢવી [4]આઉ ન લેખિયો સ૦
તેઉ વાઉ ન લેશ. સ૦ મુ૦ ૨

વનસ્પતિ અતિ ઘણુ દિહા સ૦
દીઠો નહીં ય દીદાર; સ૦

---

૧ રાગદ્વેષ રહિતપણાથી ઉત્પન્ન થયેલા શાંત રસનો સમૂહ. ૨. સૂક્ષ્મ. ૩. પૃથ્વી ૪. જળ

બિ તિ ચઉરિંદ્રી [1]જલ-લિહા સ૦
[2]ગતસન્નિ પણ ધાર. સ૦ મુ૦ ૩
[3]સુર તિરિ નિરય નિવાસમાં સ૦
મનુજ [4]અનારજ સાથ; સ૦મુ૦
[5]અપજ્જત્તા પ્રતિભાસમાં સ૦
ચતુર ન ચઢિયો હાથ. સ૦ મુ૦ ૪

એમ અનેક [6]થલ જાણિયે સ૦
દરિસણ વિણ જિનદેવ; સ૦
આગમથી મતિ આણિયે સ૦
કીજે નિર્મલ સેવ. સ૦ મુ૦ ૫

નિર્મલ સાધુ ભગતિ લહિ સ૦
યોગ [7]અવંચક હોય; સ૦
[8]કિરિયા અવંચક તિમ સહી સ૦
ફલ અવંચક જોય. સ૦ મુ૦ ૬

પ્રેરક અવસર જિનવરુ સ૦
મોહનીય ક્ષય જાય; સ૦
કામિતપૂરણ સુરતરુ સ૦
આનંદઘન પ્રભુ પાય. સ૦ મુ૦ ૭

---

૧. પાણીમાં કાઢેલી લીંટીની પેઠે ૨. અસંજ્ઞી. ૩. દેવગતિ, તિર્યંચગતિ, નરકગતિ. ૪. અનાર્ય ૫. અપર્યાપ્ત ૬. સ્થળો, ગતિઓ. ૭. આત્મગુણને અર્થાત્ સ્વરૂપલક્ષને છેતરે નહિ એવો. ૮. ક્રિયા—અવંચકયોગ.

## ૯મા શ્રી સુવિધિનાથ સ્વામી

સુવિધિ જિણેસર પાય નમીને,
શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને,
પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને,
હરખે દેહરે જઈએ રે;
[1]દહ તિગ [2]પણ અહિગમ સાચવતાં,
એકમના ધુરિ થઇએ રે. સુ૦ ૨

કુસુમ અક્ષત વર વાસ સુગંધી,
ધૂપ દીપ મન સાખી રે;
અંગ પૂજા પણ ભેદ સુણી એમ,
ગુરુમુખ આગમ ભાખી રે. સુ૦ ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે,
અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની,
મુગતિ સુગતિ સુર મંદિર રે. સુ૦ ૪

ફૂલ અક્ષત વર ધૂપ પઈવો,
ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;

૧. દશત્રિક. ૨. પાંચ અભિગમ.

અંગ અગ્ર પૂજા મળી અડવિધ,
ભાવે ભવિક શુભ ગતિ વરી રે. સુ૦ ૫

સત્તર ભેદ એકવીસ પ્રકારે,
અઠ્ઠોત્તર[1] શત ભેદે રે;
ભાવ પૂજા બહુવિધિ નિરધારી,
દોહગ દુર્ગતિ છેદે રે. સુ૦ ૬

તુરિય[2] ભેદ પડિવત્તિ[3] પૂજા,
ઉપશમ ખીણ સયોગી રે,
ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે,[4]
ભાખી કેવલ ભોગી રે. સુ૦ ૭

એમ પૂજા બહુભેદ સુણીને,
સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે,
આનંદઘનપદ ધરણી રે. સુ૦ ૮

---

## ૧૦ મા શ્રી શીતલનાથ સ્વામી

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી,
વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શી૦ ૧

---

૧. અષ્ટોત્તરી ૧૦૮ પ્રકારી. ૨. ચોથો. ૩. પ્રતિપત્તિ–અંગીકાર.
૪. ઉત્તરાધ્યયનસૂત્રમાં

સર્વ જંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;
હાનાદાન વાહત પરિણામી, ઉદાસીનતા વિક્ષણ રે. શી૦ ૨

પરદુઃખ છેદન ઈચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શી૦ ૩

અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરકવિણ કૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪

શક્તિ વ્યક્તિ, ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી, વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શી૦ ૫

ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રતા, આનંદઘન પદ લેતી રે. શી૦ ૬

---

## ૧૧ મા શ્રેયાંસનાથ સ્વામી

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિગામી રે શ્રી. શ્રે ૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે. શ્રી શ્રે૦ ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે તેહ અધ્યાતમ લહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, ન અધ્યાતમ કહીએ રે. શ્રી શ્રે૦ ૩

નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ જિન ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રે૦ ૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ ગ્રહણ મતિ ધરજો રે શ્રી શ્રે૦ ૫

અધ્યાતમ જે વસ્તુવિચારી બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી શ્રે૦ ૬

## ૧૨ મા શ્રી વાસુપૂજ્ય સ્વામી

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વાસુ૦ ૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક વ્યાપારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ સાકારો રે. વાસુ૦ ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે. વાસુ૦ ૩

દુઃખસુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુ૦ ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;
જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુ૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વાસુ૦ ૬

---

## ૧૩ મા શ્રી વિમલનાથ સ્વામી

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ.
વિમલ જિન, દીઠાં૦ ૧

ચરણ-કમલ કમલા[૧] વસે રે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ૦ દી૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદિરધરા[૨] રે, [૩]ઇંદ-ચંદ-નાગિંદ. વિ૦ દી૦ ૩

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન-વિશરામી વાલહો રે, આતમચો[૪] આધાર. વિ૦ દી૦ ૪

દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિ૦ દી૦ ૫

અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત-સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦ ૬

---

૧. લક્ષ્મી ૨. મેરૂ-સુવર્ણાચળ ભૂમિ ૩. ઇંદ્રલોક, ચંદ્રલોક અને નાગેંદ્રલોક ૪. આત્માનો

એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ. વિ૦ દી૦ ૭

## ૧૪ મા શ્રી અનંતનાથ સ્વામી

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી,
ચૌદમા જિન તણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના–ધાર[1] પર રહે ન દેવા[2]. ધાર૦ ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર–ભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભળી આદરી કાંઇ રાચો. ધાર૦ ૪

૧. ચારિત્ર–સેવાની ધાર ૨. દેવો (પણ)

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી,
છારપર[1] લીંપણું તેહ જાણો. ધાર૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્રસરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત[2] આનદંઘન રાજ પાવે. ધાર૦ ૭

## ૧૫ મા શ્રી ધર્મનાથ સ્વામી

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જિનેસર
બીજો મન મંદિર આણું નહીં, એ [3]અમ કુલવટ રીત. જિ૦ધ૦૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધરમ ન જાણે હો મર્મ; જિ૦

૧. રાખ અથવા ધૂળ ૨. નિશ્ચયથી.

૩. અંતરાત્મપણું પામેલા વિશુદ્ધ આત્માના કુળની એવી જ રીતિ છે.

ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી,
કોઈ ન બાંધે હો કર્મ. જિ૦ ધ૦ ૨

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન; જિ૦
હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન. જિ૦ ધ૦ ૩

દોડત દોડત દોડત દોડિયો,
જેતી મનની રે દોડ; જિ૦
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી,
ગુરુગમ લેજો રે જોડ. જિ૦ ધ૦ ૪

એક પખી કેમ પ્રીતિ વરે પડે,
ઉભય મિલ્યા હુએ સંધિ; જિ૦
હું રાગી હું મોહે ફંદિયો,
તું નિરાગી નિરબંધ. જિ૦ ધ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલ્લંઘી હો જાય; જિ૦
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધોઅંધ પલાય. જિ૦ ધ૦ ૬

નિર્મલ ગુણ મણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસ હંસ; જિ૦

ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી,
માતપિતા કુલ વંશ. જિ૦ ધ૦ ૭

[1]મન-મધુકર વર કરજોડી કહે,
પદકજ[2] નિકટ નિવાસ; જિ૦
ઘનનામી આનંદઘન સાંભળો,
એ સેવક અરદાસ. જિ૦ ધ૦ ૮

---

## ૧૬ મા શ્રી શાંતિનાથ સ્વામી

(રાગ મલ્હાર: ચતુર ચોમાસું પડિક્કમી-એ દેશી)

શાંતિ જિન, એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે. શાં૦ ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાં૦ ૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્ય સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાં૦ ૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. શાં૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલ રે. શાં૦ ૫

---

૧. મનરૂપી શ્રેષ્ઠ ભ્રમર. ૨. ચરણકમળ.

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાં૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે. શાં૦ ૭

દુષ્ટજન–સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે. શાં૦ ૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઈસ્યો હોયે તું જાણ રે. શાં૦ ૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. શાં૦ ૧૦

આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાં૦ ૧૧

પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે. શાં૦ ૧૨

અહો! અહો! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાં૦ ૧૩

શાંતિસ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ–પર–રૂપ રે;
આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપ રે. શાં૦ ૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે; ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુમાન રે. શાં૦ ૧૫

---

## ૧૭ મા શ્રી કુંથુનાથ સ્વામી

મનડું કિમ હી ન બાજે, હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે;
જિમજિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાજે. હો કું૦ ૧

રજની વાસર વસતિ ઉજ્જડ ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું [1]થોથું, એહ ઉખાણો ન્યાય. હો. કું૦ ૨
મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કું૦ ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણી પરે વાંકું. હો કું૦ ૪

જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી;
સર્વ માંહી ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી. હો કું૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો [2]સાલો. હો કું૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમર્થ છે નર; એહને કોઈ ન જેલે. હો કું૦ ૭

---

૧. ખાલી. ૨. કુમતિ સ્ત્રીનો ભાઈ

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી. હો કું૦૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું. હો કું૦૯

---

## ૧૮ મા શ્રી અરનાથ સ્વામી

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધરમ૦ ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. ધ૦ ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ૦ ૩

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધ૦ ૪

દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ. શુદ્ધ નિરંજન એક રે. ધ૦ ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦ ૬

વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધ૦ ૭

એકપખી લખી પ્રીતિની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ૦ ૮

ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ તત્તસાર[1] રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધ૦ ૯

---

## ૧૯ મા શ્રી મલ્લિનાથ સ્વામી

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મ૦ ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી જાતાં કાણ ન આણી. હો મ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા [2]તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી. હો મ૦ ૩

સમકિત સાથે સગાઇ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા,ભય પામર [3]કરસાલી;
નોકષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મ૦ ૫

---

૧. તત્ત્વસાર ૨. ચોથી ૩. પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ.

રાગદ્વેષ અવિરતિની પરિણતિ,એ ચરણમોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોદ્ધા. હો મ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મ૦ ૭

દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા. હો મ૦૮

વીર્ય વિઘન પંડિતવીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી,પૂરણ ભોગ સુભોગી. હો મ૦ ૯

એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મ૦ ૧૦

ઈણ વિધ પરખી મન વિશરામી, જિનવરગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હો મ૦ ૧૧

## ૨૦ મા શ્રી મુનિસુવ્રત સ્વામી

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો,
આતમતત્ત્વ કયુ જાણ્યું જગતગુરુ,
એહ વિચાર મુજ કહિયો, આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ;
ચિત્ત સમાધિ નવિ લહિયો. મુનિ ૧

કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુ૦ ૩

એક કહે નિત્ય જ આતમ તત્ત, આતમ દરિસણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુ૦ ૪

સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ–મોક્ષ સુખ–દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦ ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુ૦ ૬

એમ અનેક વાદિ મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઇ ન કહે. મુ૦ ૭

વળતું જગગુરુ ઈણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ૦ ૮

આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફીર ઈણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુ૦ ૯

જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્તજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો આનંદઘન પદ લહિયે. મુ૦ ૧૦

## ૨૧ મા શ્રી નમિનાથ સ્વામી

ષડ્ દરિસણ જિન અંગ ભણી જે,
ન્યાસષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્ દરિસણ આરાધે રે. ષડ્૦ ૧

જિન સુર પાદપ પાય વખાણું,
સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતાં,
લહો દુગ અંગ અખેદે રે. ષડ્૦ ૨

ભેદ અભેદ સૌગત મીમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ,
ગુરુગમથી અવધારી રે. ષડ્૦ ૩

લોકાયતિક કુખ જિનવરની,
અંશ વિચારી જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ–ધારા,
ગુરુગમ વિણ કેમ પીજે રે ? ષડ્૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ,
અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક,
આરાધે ધરી સંગે રે. ષડ્૦ ૫

જિનવરમાં સઘળાં દરિસણ છે,
　　　　દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી,
　　　　તટિનીમાં સાગર ભજના રે. ષટ્૦ ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે,
　　　　તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે,
　　　　તે ભૃંગી જગ જોવે રે. ષટ્૦ ૭

ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ,
　　　　વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષનાં અંગ કહ્યાં એ,
　　　　જે છેદે તે દુર્ભવ રે. ષટ્૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર,
　　　　ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે,
　　　　ક્રિયા અવંચક ભોગે રે. ષટ્૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું,
　　　　સુગુરુ તથા વિધિ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ,
　　　　એ વિષવાદ ચિત્ત સઘળે રે. ષટ્૦ ૧૦

તે માટે ઉભા કર જોડી,
જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો,
જેમ આનંદઘન લહીએ રે. ષટ્૦ ૧૧

## ૨૨ મા શ્રી નેમિનાથ સ્વામી

અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરાવાલા;
મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ મ૦ ૧

ઘર આવો હો વાલમ, ઘર આવો,
મારી આશાના વિશરામ; મ૦
રથ ફેરો હો સાજન! રથ ફેરો,
મારા મનના મનોરથ સાથ. મ૦ ૨

નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ; મ૦
ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩

પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મ૦
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર? મ૦ ૪

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર; મ૦
ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મલિયો જગસૂર. મ૦ ૫

મારું તો એમાં ક્યુંહી નહિ રે, આપ વિચારો રાજ; મ૦
રાજસભામાં બેસતાં રે, [1]કિસડી બધસી લાજ. મ૦ ૬

૧ કોની લાજ, શોભા વધશે?

પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર; મ૦
પ્રીત કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મ૦ ૭

જો મનમાં એહવું હતું રે, [1]નિસપત કરત ન જાણ; મ૦
નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકશાન. મ૦ ૮

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ; મ૦
સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯

સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ [2]સેત; મ૦
ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦ ૧૦

રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦
રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ ? મ૦ ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨

જિણ [3]જોણિ તુમને જોઉં રે, તિણ જોણિ જોવો રાજ; મ૦
એકવાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મ૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪

સેવક પણ તે આદરે રે, તો રહે સેવક [4]મામ; મ૦
આશય [5]સાથે ચાલીએ રે, એહીજ રૂડું કામ. મ૦ ૧૫

---

૧ સંબંધ. ૨ શ્વેત. ૩. દૃષ્ટિ. ૪. લાજ. ૫. અચલ એવા આત્મપદમાં નિરંતર રમણ કરનારા.

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર; મ૦
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦ ૧૬

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદરાજ. મ૦ ૧૭

## ૨૩મા શ્રી પાર્શ્વનાથ સ્વામી

ધ્રુવપદ–રામી હો સ્વામી માહરા,
[૬]નિઃકામી ગુણરાય સુજ્ઞાની;
નિજ ગુણ કામી હો પામી તું ધણી,
ધ્રુવ આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧

સર્વવ્યાપી કહો સર્વ જાણંગપણે,
પરપરિણમન સરૂપ; સુ૦
પરરૂપે કરી તત્ત્વપણું નહીં,
સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જલભાજન રવિ જેમ; સુ૦
દ્રવ્ય એકત્વપણે ગુણએકતા,
નિજપદ રમતા હો ખેમ. સુ૦ ધ્રુ૦ ૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પરક્ષેત્રે થયું જ્ઞાન; સુ૦

૬. ઈચ્છા કામનાથી રહિત.

અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું,
નિર્મલતા ગુણ માન. સુ૦ ધ્રુ૦ ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ,
કાળ પ્રમાણે રે થાય; સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા,
તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫

પરભાવે કરી પરતા પામતાં,
સ્વસત્તા થિર ઠાણ; સુ૦
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં,
તો કિમ સહુનો રે જાણ. સુ૦ ધ્રુ૦ ૬

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં,
દ્રવ્ય સકલ દેખંત; સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જલને દૃષ્ટાંત. સુ૦ ધ્રુ૦ ૭

શ્રી પારસજિન પારસ રસ સમો,
પણ ઇહાં [૧]પારસ નાંહિ; સુ૦
પૂરણરસીઓ હો [૨]નિજ ગુણ પરસનો,
આનંદઘન મુજ માંહિ. સુ૦ ધ્રુ૦ ૮

---

૧. પાષાણરૂપ પારસ નહિ.
૨. પોતાના આત્મગુણરૂપ પારસનો.

## ૨૪ મા શ્રી મહાવીર સ્વામી

વીરજીને ચરણે લાગું વીરપણું તે માગું રે;
મિથ્યામોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. વી૦ ૧

છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦ ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વી૦ ૩

ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વી૦ ૪

કામવીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. વી૦ ૬

આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. વી૦ ૭

# અન્ય જિન–સ્તવનો

## શ્રી યશોવિજયજીકૃત

### ૧લા શ્રી ઋષભ જિન–સ્તવન

ઋષભ જિનંદા, ઋષભ જિનંદા,
તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી,
મુજ મન તુજ ગુણશું રહ્યું માચી. ઋ૦ ૧

દીઠા દેવ રૂચે ન અનેરા,
તુજ પાખલિ ચિત્તડું દીએ ફેરા;
સ્વામી શું કામણડું કીધું,
ચિત્તડું અમારું ચોરી લીધું. ઋ૦ ૨

પ્રેમ બંધાણો તે તો જાણો,
નિર્વહેશ્યો તો હોશે પ્રમાણો;
વાચક યશ વિનવે જિનરાજ,
બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ૦ ૩

---

## શ્રી યશોવિજયજીકૃત

### ૯મા શ્રી સુવિધિ જિન–સ્તવન

મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ–
દિન દિન વાન ચઢત ગુણ તેરો,
જ્યું કંચન પરભાગ;

ઓરનમેં હૈ કષાયકી કાલિમા,
સો કયું સેવા લાગ. મેં૦ ૧

રાજહંસ તું માન સરોવર,
ઓર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તું કહિયે,
ઓર વિષય વિષનાગ. મેં૦ ૨

ઓર દેવ જલ છીલર સરીખે,
તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરૂ જગ વંછિત પૂરન,
ઓર તે સુકે સાગ. મેં૦ ૩

તું પુરૂષોત્તમ તુંહીં નિરંજન,
તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ,
તુંહી દેવ વીતરાગ; મેં૦ ૪

સુવિધિનાથ તુજ ગુણ ફૂલનકો,
મેરો દીલ હે બાગ;
જસ કહે ભ્રમર રસિક હોઇ તામેં,
લીજે ભક્તિ પરાગ. મેં૦ ૫

## શ્રી યશોવિજયજીકૃત

## ૧૦ મા શ્રી શીતલનાથ જિન-સ્તવન

શીતલજિન તુજ મુજ વિચિ આંતરૂં,
નિશ્ચયથી નહિ કોય,
દંસણ નાણ ચરણ ગુણ જીવને,
સહુને પૂરણ હોય,
અંતરયામી રે સ્વામી સાંભળો ૧

પણ મુજ માયા રે ભેદી ભોળવે,
બાહ્ય દેખાડી રે વેષ;
હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી,
જેહવી ધૂરત વેષ. અં૦ ૨

એહને સ્વામી રે મુજથી વેગળી,
કીજે દીનદયાળ;
વાચક યશ કહે જિમ તુમશું મિલી,
લહિયે સુખ સુવિશાળ. અં૦ ૩

---

## શ્રી યશોવિજયજીકૃત

## ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ જિન-સ્તવન

તુમે બહુમૈત્રી રે સાહેબા, મારે તો મન એક;
તુમ વિણુ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

મન રાખો તુમે સવિતણાં, પણ કિહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી [1]સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩

એવા શું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ[2] અબુઝ[3] છે, નિર્વહેશો[4] તુમે સાંઈ. શ્રી૦ ૪

નિરાગી શું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભકતે[5] કામણ તંત. શ્રી૦ ૫

---

## શ્રી યશોવિજયજીકૃત
## ૧૩ મા શ્રી વિમલનાથ સ્વામી સ્તવન

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન-સંગાજી;
એવા પ્રભુનું દરિશન લેવું, તે આલસમાં ગંગાજી. સેવો૦ ૧

અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સે૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. સે૦ ૩

૧ સાથે રહેનાર. ૨ અત્યંત. ૩ અજાણ. ૪ નિભાવશો. ૫ ભક્તિ વડે.

તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી–
લોયણ ગુરુ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. સે૦ ૪

ભ્રમ ભાગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલ તણે જે હઇડે આવે, તેહ જણાવે બોલીજી. સે૦ ૫

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઇ દિખાવે, તોહિ પ્રભુ વિણ નવિ રાચુંજી. સે૦ ૬

---

## શ્રી યશોવિજયજીકૃત

## ૧૪ મા અનંતનાથ જિન–સ્તવન

શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં,
ચોળ મજીઠનો રંગ રે! ગુણવેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયાં,
બીજો રંગ પતંગ રે! ગુણવેલડિયાં. ૧

ધર્મ રંગ જીરણ નહીં સા૦
દેહ તે જીરણ થાય રે; ગુ૦
સોનું તે વિણસે નહીં સા૦
ઘાટ ઘડામણ જાય રે. ગુ૦ ૨

તાંબું જે રસવેધિયું સા૦
તે હોય જાચ્યું[1] હેમ રે; ગુ૦

---

૧. ખરેખર સાચું

ફરી ત્રાંબું તે નવિ હુએ સા૦
એવો જગગુરુ પ્રેમ રે. ગુ૦ ૩

ઉત્તમ ગુણઅનુરાગથી સા૦
લહીએ ઉત્તમ ઠામ રે; ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે સા૦
દીપે ઉત્તમ ધામ રે. ગુ૦ ૪

ઉદક બિંદુ સાયર ભલ્યો સા૦
જિમ હોય અક્ષય અભંગ રે; ગુ૦
વાચક યશ કહે પ્રભુ ગુણે સા૦
તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુ૦ ૫

---

## શ્રી યશોવિજયજીકૃત
## ૧૯ મા શ્રી મલ્લિનાથ જિન-સ્તવન

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા,
જેહ માંહી સુખકંદ, વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરૂઓ લેખશું,
નવિ બીજા યુગવૃંદ. વા૦ મ૦ ૧

આરો સારો રે મુજ પાંચમો,
જિહાં તુમ દર્શન દીઠ; વા૦

મરૂભૂમિ પણ થિતિ સુરતરૂતણી.
મેરૂ થકી હુઈ ઇઠ. વા૦ મ૦ ૨

પંચમ આરે રે તુમ્હ મેલાવડે,
રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું,
વાચક યશ કહે ચંગ. વા૦ મ૦ ૩

## શ્રી યશોવિજયજીકૃત
## ૨૨ મા શ્રી નેમિનાથસ્વામી-સ્તવન

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં શિર દેઈ દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં,
શ્યો જોઈ આવ્યા જોષ. મે૦ તો૦ ૧

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
રામ ને સીતા વિયોગ; મે૦
તેહ [૧]કુરંગને [૨]વયણડે રે હાં,
પતિ આવે કુણ લોગ. મે૦ તો૦ ૨

ઉતારી હું ચિત્તથી રે હાં,
મુક્તિ ધૂતારી હેત; મે૦

૧. હરણના ૨. વચનથી

સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહશું કવણ સંકેત. મે૦ તો૦ ૩

પ્રીત કરંતાં સોહિલી રે હાં,
નિરવહેતાં જંજાળ; મે૦
જેહવો વ્યાલ[1] ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ. મે૦ તો૦ ૪

જો વિવાહ અવસરે દિઓ રે હાં,
હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં,
શિર ઉપર જગનાથ. મે૦ તો૦ ૫

ઇમ વિલવતી રાજુલ ગઇ રે હાં,
નેમિ કને વ્રત લીધ; મે૦
વાચક યશ કહે પ્રણમિયે રે હાં,
એ દંપતી હોય સિદ્ધ. મે૦ તો૦ ૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત
## શ્રી મહાવીરસ્વામી–સ્તવન

તાર હો તાર પ્રભુ; મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ ! દીન પર દયા કીજે. તા૦ ૧

---

૧. સર્પ.

રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુંયે રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષયમાતો. તા૦ ૨

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વલી, આત્મ અવલંબવિનું,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા૦ ૩

સ્વામી દરિસણ સમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. તા૦ ૪

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચરિત્ર તપ વાર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીંપી વસે મુક્તિ ધામે. તા૦ ૫

જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તા૦ ૬

વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૦ ૭

---

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત "સમવસરણનું સ્તવન"

આજ ગઇ'તી હું સમવસરણમાં,
જિન વચનામૃત પીવા રે,
શ્રી પરમેશ્વર વદન કમલ છબી,
નિરખ નિરખ હરખેવા રે. આજ૦ ૧

તિન ભુવન નાયક શુદ્ધાતમ,
તત્ત્વામૃતરસ વુઠું રે,
સકલ ભવિક વસુધાની લાણી,
મારું મન પણ તુઠું રે. આજ૦ ૨

મનમોહન જિનવરજી મુજને,
અનુભવ પિયાલો દીધો રે,
પૂરણાનંદ અક્ષય અવિચલરસ,
ભક્તિ પવિત્ર થઈ પીધો રે. આજ૦ ૩

જ્ઞાનસુધા લાલીની લહેરે,
અનાદિ વિભાવ વિસાર્યો રે,
સમ્યગ્જ્ઞાન સહજ અનુભવ રસ,
શુચિ નિજ બોધ સમાર્યો રે. આજ૦ ૪

ભોળી સખીયો એમ શું જોવો,
મોહ મગન મત રાચો રે,
દેવચંદ્ર પ્રભુશું એકતાને,
મિલાવો તે સુખ સાચો રે. આજ૦ ૫

## શ્રી ઉદયરત્નકૃત
## શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

મરુદેવીનો નંદ માહરો, સ્વામી સાચો રે;
શિવવધૂની ચાહ કરો તો, એને યાચો રે. મરૂદેવીનો ૧

કેવલ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે;
સત્ય સરૂપી સાહિબો એહને, રંગે રાચો રે. મ૦...૨

યમરાજના મુખડા ઉપર, દેઈ તમાચો રે;
અમર થઈ ઉદયરત્ન પ્રભુશું, મિલી માચો રે. મ૦...૩

## ૧૬ મા શ્રી શાંતિનાથ જિન-સ્તવન

સુણો શાંતિ જિણંદ સોભાગી,
હું તો થયો છું તુજ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત,
જોતાં કેમ મલશે તંત. સુણો૦ ૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો,
તું તો ઉપશમ રસનો દરિયો;

હું તો અજ્ઞાને આવરિયો,
તું તો કેવલ કમલા વરિયો. સુણો૦ ૨

હું તો વિષયરસનો આશી,
તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભાર્યો,
તેં તો પ્રભુ! ભાર ઉતાર્યો. સુણો૦ ૩

હું તો મોહ તણે વશ પડિયો,
તું તો સઘલા મોહને નડિયો;
હું તો ભવ સમુદ્રમાં ખૂંતો,
તું તો શિવમંદિર પહોતો. સુણો૦ ૪

મારે જન્મ મરણનો જોરો,
તેં તો તોડયો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ,
તમે પ્રભુજી! થયા વીતરાગ. સુણો૦ ૫

મુને માયાએ મૂકયો પાશી,
તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો,
તું તો સકલ પદારથે પૂરો. સુણો૦ ૬

મારો છો તું હિ પ્રભુ એક,
ત્હારે મુજ સરીખા અનેક;

હું તો મનથી ન મૂકું માન.
તું તો માનરહિત ભગવાન સુણો૦ ૭

મારું કીધું તે શું થાય,
તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની,
મ્હારો મુજરો લેજો માની. સુણો૦ ૮

એકવાર જો નજરે નીરખો,
તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે,
તો ગુણ તમારા ગાશે. સુણો૦ ૯

ભવોભવ તુજ ચરણની સેવા.
હું તો માગું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી,
જાવી ઉદયરત્નની વાણી. સુણો૦ ૧૦

---

## ત્વમેવ શરણં મમ

તો બિન ઔર ન જાચું, જિનંદરાય !
તો બિન ઔર ન જાચું.
મૈં મેરો મન નિશ્ચય કીનો,
એહમાં કછુ નહિ કાચું; જિનંદરાય ! તો બિન૦ ૧

તુમ ચરન–કમલ પર પંકજ–મન મેરો,
અનુભવ રસ ભર ચાખું;
અંતરંગ 'અમૃત રસ ચાખો', એહ વચન મન સાચું,
પ્રભુજી. તો૦ ૨

જસ પ્રભુ ધ્યાયો મહારસ પાયો, અવર રસે નહિ રાચું;
અંતરંગ ફરસ્યો દરશન તેરો, તુજ ગુણ–રસ સંગ માચું;
પ્રભુજી! તો બિન ઓર ન જાચું. ૩

---

શ્રી મોહનવિજયજીકૃત

## શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન

બાળપણે આપણ સસનેહી, રમતા નવનવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર–નિવેશે.
હો પ્રભુજી! ઓલંભડે મત ખીજો. ૧

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કોઈ ધ્યાવે;
પણ ભવ–સ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે
હો પ્રભુજી! ઓ૦ ૨

સિદ્ધનિવાસ લહે [1]ભવિસિદ્ધિ, તેમાં શો પાડ તમારો?
તો ઉપકાર તમારો લહીએ, [2]અભવ્યસિદ્ધને તારો.
હો પ્રભુજી! ઓ૦ ૩

૧. ભવ્ય જીવો ૨. અભવ્ય (કદી સિદ્ધિ નહીં પામનારા)

[3]નાણુરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી.
હો પ્રભુજી! ઓ૦ ૪

અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય?
હો પ્રભુજી! ઓ૦ ૫

સેવાગુણરંજ્યા ભવિજનને જો તમે કરો વડભાગી;
તો તમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નિરાગી.
હો પ્રભુજી! ઓ૦ ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જગજયકારી,
રૂપ વિબુધનો મોહન પભણે વૃષભલંછન બલિહારી.
હો પ્રભુજી! ઓ૦ ૭

---

### શ્રી મોહનવિજયજીકૃત

## ૨ જા શ્રી અજિતનાથ જિન–સ્તવન

અજિત અજિત જિન અંતરજામી,
અરજ કરું છું પ્રભુ શિર નામી,
સાહિબા સસનેહી સુગુણજી,
વાતલડી કહું કેહી–સાહિબા૦ ૧

3. જ્ઞાન–ચારિત્ર.

આપણુ બાળપણુાના સ્વદેશી,
તો હવે કેમ થાઓ છો વિદેશી ? સાહિબા૦
પુણ્ય અધિક તુમે હુવા જિણુંદા,
આદિ અનાદિ અમે તો બંદા—સાહિબા૦ ૨

તાહરે આજે મણાઈ છે શાની ?
તુંહીજ લીલાવંત, તું જ્ઞાની, સાહિબા૦
તુજ વિણુ અન્યને કો નથી ધ્યાતા,
તો જો તું છે લોકવિખ્યાતા—સાહિબા૦ ૩

એકને આદર એકને અનાદર,
એમ કેમ ઘટે તુજને કરૂણાકર, સાહિબા૦
દક્ષિણુ વામ નયન બિહું સરખી,
કુણુ ઓછું કુણુ અધિકું પરખી—સાહિબા૦ ૪

સ્વામિતા મુજથી ન રાખો સ્વામી,
શી સેવકમાં જુઓ છો ખામી ? સાહિબા૦
જે ન લહે સન્માન સ્વામીનો
તો તેને કહે સહુકો કમીનો[૧]—સાહિબા૦ ૫

રૂપાતીત જો મુજથી થાશો,
ધ્યાશું રૂપ કરી જ્યાં નીશો ? સાહિબા૦
જડ પરમાણુ અરૂપી કહાયે,
ગહત સંયોગે શું રૂપી ન થાયે—સાહિબા૦ ૬

૧. હલકો, દુર્ભાગી.

ઘન તો ઓળગે કિમપિ ન દેવે,
જો દિનમણિ કનકાચલ સેવે, સાહિબા૦
એવું જાણી તુજને સેવું,
તાહરે હાથ છે ફળનું દેવું–સાહિબા૦ ૭

તુજ પદપંકજ મુજ મન વળગ્યું,
જાયે કીંહા છંડીને અળગું ? સાહિબા૦
મધુકર મયગલ યદ્યપિ રાચે,
પણ સૂને મુખે લાલ નવિ માચે–સાહિબા૦ ૮

તારક બિરૂદ કહાવો છો મોટા,
તો મુજથી કિમ થાશો ખોટા, સાહિબા૦
રૂપ વિબુધનો મોહન ભાખે,
અનુભવરસ આનંદ શું ચાખે–સાહિબા૦ ૯

---

શ્રી બુદ્ધિસાગરજીકૃત

## શ્રી નેમિનાથ સ્તવન

રાજુલ કહે છે શામળા, કેમ પાછા વળિયા;
મુજને મૂકી નાથજી, કોનાથી હળિયા ?... ૧

પશુદયા મનમાં વસી, કેમ મ્હારી ન આણો;
સ્રીને દુઃખી કરી પ્રભુ ! હઠ ફોગટ તાણો... ૨

લગ્ન ન કરવાં જો હતાં, કેમ અહીં આવ્યાં;
પોતાની મરજી વિના, કેમ બીજા લાવ્યા ?... ૩

ઋષભાદિ તીર્થંકરા, ગૃહવાસે વસિયા;
તેનાથી શું તમે જ્ઞાની કે, આવી દૂરે ખસિયા ?... ૪

શુકન જોતાં ન આવડ્યાં, કહેવાતાં ત્રિજ્ઞાની;
બનવાનું જો એમ હતું, વાત પહેલાં ન જાણી ?... ૫

જાદવ કુળની રીતડી, બોલ બોલી ન પાળે;
આરંભી પડતું મૂકે, તે શું અજુવાળે ?... ૬

કાળા કામણગારડા, ભીરુ થઈ શું વળિયા ?
હુકમથી પશુઆં દયા, આણ માનત બળિયા... ૭

વિરાગી જો મન હતું, કેમ તોરણ આવ્યા ?
આઠ ભવોની પ્રીતડી, લેશ મનમાં ન લાવ્યા !... ૮

મારી દયા કરી નહીં જરા, કેમ અન્યની કરશો ?
નિર્દય થઈને વ્હાલમાં, કેમ ઠામે ઠરશો ?... ૯

વિરહ વ્યથાની અગ્નિમાં, બળતી મને મૂકી;
કાળાથી કરી પ્રીતડી, અરે પોતે હું ચૂકી...૧૦

જગમાં કોઈ ન કોઈનું, એમ રાજુલ ધારે;
રાગિણી થઈ વૈરાગિણી, મન એમ વિચારે...૧૧

સંકેત કરવા પ્યારીને, પ્રાણપતિ અહિં આવ્યા;
હરિણી દયાથી બહુ દયા, પ્રભુ ! મુજ પર લાવ્યા...૧૨

ભવનાં લગ્ન નિવારવા, જાન મુક્તિથી આણી;
આંખે આંખ મિલાવીને, મને મુક્તિમાં તાણી...૧૩

હું ભોળી સમજી નહીં, સાચી જગમાં અબળા;
નાથે નેહ નિભાવિયો, ધન્ય સ્વામી સબલા...૧૪

ભોગાવલીના જોરથી, ગૃહવાસમાં ફસિયા;
ઋષભાદિક તીર્થંકરા, લલના સંગરસિયા...૧૫

ભોગાવલીના અભાવથી, મારો સંગ ન કીધો;
બ્રહ્મચારી મારા સ્વામીજી, જસ જગમાં લીધો...૧૬

સ્ત્રીને ચેતવવા આવિયા, સ્વામી ઉપકારી;
આઠ ભવોની પ્રીતડી, પૂરી પાડી સારી...૧૭

હાથોહાથ ન મેળવ્યો, સ્વામી ગુણરાગી;
સ્વામીના એ કૃત્યથી, હું થઈ વૈરાગી...૧૮

ત્રિજ્ઞાનીના કાર્યમાં કાંઈ આવે ન ખામી;
રાજુલ વૈરાગણ બની, શુદ્ધ ચેતના પામી...૧૯

જૂઠાં સગપણ મોહથી, મોહની એ માયા;
ભ્રાંતિથી જગ જીવડા, નાહક લલચાયા...૨૦

નર કે નારી હું નહિ, પુદ્ગલથી હું ન્યારી;
પુદ્ગલ–કાયા ખેલમાં, શુદ્ધબુદ્ધતા હારી...૨૧

નામ રૂપથી ભિન્ન હું, એક ચેતન જાતિ;
ક્ષત્રિયાણી વ્યવહારથી, કોઇ મારી ન જ્ઞાતિ...૨૨

અનંત કાળથી આથડી, સંસારમાં હું દુઃખી;
વિષય વિકારો સેવતાં, કોઈ થાય ન સુખી...૨૩

જડ સંગે પરતંત્રતા, મોહ-વૈરીએ તાણી;
ઉપકારી સાચા પ્રભુ! સત્ય પંથમાં આણી...૨૪

બની વૈરાગણ નેમિની, પાસે ઝટ આવી;
ઉપકારી સ્વામી કર્યા, સંયમ લય લાવી...૨૫

શોભા સતીની મોટકી, જગ રાજુલ પામી;
રહનેમિને બોધથી, થઈ ગુણ વિશ્રામી...૨૬

એક ટેકી થઈ રાજુલે, ભાવસ્વામી કીધા;
અદ્‌ભુત ચારિત્ર ધારીને, જગમાં જસ લીધા...૨૭

સાચી ભક્તિ સ્વામીની, અંતરમાં ઉતારી;
નવરસ-રંગે ઝીલતી, લહે સુખ ખુમારી...૨૮

ચેતન-ચેતના-ભાવથી, એક સંગે મળિયા;
ક્ષપક-શ્રેણી નિસ્સરણીથી, શિવમંદિર ભળિયા...૨૯

કર્મ કટક સંહારીને, નેમ-રાજુલ નારી;
શિવપુરમાં સુખિયા થયા, વંદુ વાર હજારી...૩૦

શુદ્ધ ચેતનસંગમાં, શુદ્ધ ચેતના રહેશે;
બુદ્ધિસાગર ભક્તિથી, શાશ્વત સુખ લહેશે...૩૧

# શ્રી આનંદઘનજીના પદો

## અબધૂ સો જોગી ગુરૂ મેરા

અબધૂ સો જોગી ગુરૂ મેરા,
ઈન પદકા કરે રે નિવેડા. અબધૂ૦

તરૂવર એક મૂલ બિન છાયા,
બિન ફૂલે ફલ લાગા;
શાખા પત્ર નહીં કછુ ઉનકું,
અમૃત ગગને લાગા. અબધૂ૦ ૧

તરૂવર એક પંછી દોઉ બેઠે,
એક ગુરૂ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા,
ગુરૂ નિરંતર ખેલા. અબધૂ૦ ૨

ગગન મંડલ કે અધબિચ કૂવા,
ઉહાં હૈ અમીકા વાસા,
સગુરા હોવે સો ભરભર પીવે,
નગુરા જાવે પ્યાસા. અબધૂ૦ ૩

ગગન મંડલ મેં ગઉઆં બિહાની,
ધરતી દૂધ જમાયા,

માખન થા સો વિરલા પાયા,
છાશે જગત ભરમાયા. અબધૂ૦ ૪

થડબિનું પત્ર પત્રબિનું તુંબા,
બિન જીભ્યા ગુણ ગાયા,
ગાવનવાલેકા રૂપ ન રેખા,
સુગુરૂ સોહી બતાયા. અબધૂ૦ ૫

આતમ–અનુભવ બિન નહીં જાને,
અંતર જ્યોતિ જગાવે,
ઘટ અંતર પરખે સોહી મૂરતિ,
આનંદઘનપદ પાવે. અબધૂ૦ ૬

---

## મિલાપી આન મિલાઓ રે

મિલાપી આન મિલાઓ રે, મેરે અનુભવ મીઠડે મિત્ત.
મિલાપી૦

ચાતક પીઉ પીઉ રટે રે, પીઉ મિલાવન આન,
જીવ પીવન પીઉ પીઉ કરે પ્યારે, જીઉ નીઉ આન એ આન.
મિલાપી૦ ૧

દુઃખીયારી નિશદિન રહુ રે, ફીરુ સબ સુધબુદ્ધ ખોય;
તન મનકી કબહુ લહુ પ્યારે, કીસેં દેખાઉ રોય?
મિલાપી૦ ૨

નિસિ અંધારી પુહી હસે રે, તારે દાંત દિખાય;
ભાદો કાદોમેં કિયો પ્યારે, અસુઅન ધાર વહાય.
મિલાપી૦ ૩

ચિત્તચાતક પીઉ પીઉ કરે રે, પ્રણમે દો કર પીસ;
અબલાશું જોરાવરી પ્યારે, એતી ન કીજે રીસ.
મિલાપી૦ ૪

આતુર ચાતુરતા નહીં રે, સુનિ સમતા ટુક બાત;
આનંદઘન પ્રભુ આય મિલે પ્યારે, આજ ઘરે હર ભાત.
મિલાપી૦ ૫

---

## ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે

ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે,
અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ,
દેત પહોરિયાં ઘરિય ઘાઉ રે. ક્યા૦ ૧

ઇંદ ચંદ નાગિંદ મુનીંદ ચલે,
કોણ રાજાપતિ સાહ રાઉ રે;
ભમત ભમત ભવજલધિ પાય કે,
ભગવંત ભજન વિન ભાઉ નાઉ રે. ક્યા૦ ૨

કહા વિલંબ કરે અબ બાઉ રે,
તરી ભવજલનિધિ પાર પાઉ રે;
આનંદઘન ચેતનમય મૂરતિ,
શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે. ક્યા૦ ૩

## અવધૂ ક્યા માગું ગુનહીના

અવધૂ ક્યા માગું ગુનહીના,
વે ગુનગનન પ્રવીના...અવધૂ૦

ગાય ન જાનું બજાય ન જાનું,
ન જાનું સુરભેવા;
રીઝ ન જાનું રીઝાય ન જાનું,
ન જાનું પદસેવા...અવધૂ૦ ૧

વેદ ન જાનું કિતાબ ન જાનું,
જાનું ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનું,
ન જાનું કવિફંદા...અવધૂ૦ ૨

જાપ ન જાનું જુવાબ ન જાનું,
ન જાનું કથવાતા;
ભાવ ન જાનું ભગતિ ન જાનું,
જાનું ન સીરા તાતા...અવધૂ૦ ૩

ગ્યાન ન જાનું વિગ્યાન ન જાનું,
ન જાનું ભજનામા (પદનામા);
આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે,
રટન કરૂં ગુણધામા...અવધૂ૦ ૪

## આશા ઔરનકી ક્યા કીજે

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે;
આશા૦

ભટકે દ્વાર દ્વાર લોકન કે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી.
આશા૦ ૧

આશા દાસી કે જે જાયા, તે જન જગ કે દાસા,
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા.
આશા૦ ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઈ પિયે કસ, જાગે અનુભવ લાલી.
આશા૦ ૩

અગમ પિયાલા પીઓ મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.
આશા૦ ૪

તજ મન કુમતા કુટિલકો સંગ
જાકી સંગતે કુબુદ્ધિ ઉપજત હૈ
પડત ભજન મેં ભંગ.

કૌવેકું કયા કપૂર ચુગાવત,
શ્વાન હી ન્હાવત ગંગ;
ખરકુ કીનો અરગજા લેપન,
મરકટ આભૂષણ અંગ.

કહા ભયો પય પાન પીલાવત,
વીષહુ ન તજત ભૂજંગ;
આનંદઘન પ્રભુ કાલી કાંબલીયા,
ચઢત ન દૂજો રંગ.

---

## અબ ચલો સંગ હમારે

અબ ચલો સંગ હમારે કાયા,
તો હે બહુત જતન કરી રાખી કાયા.
તોયે કારણમેં જીવ સંહારે, બોલે જૂઠ અપારે,
ચોરી કરી, પરનારી સેવી, જૂઠ પરીગ્રહ ધારે.

પટ આભૂષણ સુંઘા ચુહા,
અશન પાન નિત્ય ન્યારે,
ફેર દીને તોયે ખટરસ સુંદર,
તે સબ મલકર ડારે.

જીવ સુણો યહ રીત અનાદિ,
કહા કહત વારંવારે;
મૈં ન ચલુંગી તોયે સંગ ચેતન,
પાપ પુન્ય દો લારે.
જિનવર નામસાર ભજ આતમ,
કહા ભરમ સંસારે;
સદ્‌ગુરૂ વચન પ્રતીત ભયે તબ,
આનંદઘન ઉપગારે.

---

## અબ હમ અમર ભયે ન મરેંગે

અબ હમ અમર ભયે ન મરેંગે, અબ૦
યા કારન મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગે?
અબ૦ ૧

રાગ દોસ જગ બંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલતેં પ્રાની, સો હમ કાલ હરેંગે.
અબ૦ ૨

દેહ વિનાસી હું અવિનાસી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે.
અબ૦ ૩

મર્યો અનંતવાર બિન સમજયો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે.
અબ૦ ૪

---

## આપ સ્વભાવ મેં રે

આપ સ્વભાવ મેં રે, અવધૂ સદા મગન મેં રહના;
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના.
આપ૦ ૧

તુમ નહિ કેરા, કોઇ નહીં તેરા, કયા કરે મેરા મેરા ?
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા.
આપ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઇનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી.
આપ૦ ૩

રાગ ને રીસા દોય ખવીસા, યે તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકો દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા.
આપ૦ ૪

પરકી આશા સદા નિરાશા, યે હૈ જગજન પાસા;
તે કાટન કો કરો અભ્યાસા, લહો સદા સુખવાસા.
આપ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી.
આપ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકો દૂર નિવારી, જીવ વરે શિવનારી.
આપ૦ ૭

# ચાર કષાયોની સજ્ઝાય

## ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફલ જાય;
ક્રોધ સહિત જે તપ કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ. કડવાં૦ ૩

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જલનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. કડવાં૦ ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગલે સાહી;
કાયા કરજો નિર્મલી, ઉપશમ રસ નાહી. કડવાં૦ ૬

## માનની સજ્ઝાય

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે?
રે જીવ૦ ૧

સમકિત વિણ ચારિત્રનહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતા, તે કેમ લહિયે જુકિત રે?
રે જીવ૦ ૨

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગલી, પ્રાણી જોજો વિચારી રે.
રે જીવ૦ ૩

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે.
રે જીવ૦ ૪

સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે.
રે જીવ૦ ૫

---

## માયાની સજ્ઝાય

સમકિતનું મૂલ જાણીયેજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત રે,
પ્રાણી મ કરીશ માયા લગાર૦ ૧

મુખ મીઠો જૂઠો મનેજી, કુડ કપટનો રે કોટ;
જીભે તો જીજી કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂલ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂલ રે. પ્રાણી૦ ૪

તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રી વેદ રે. પ્રાણી૦ ૫

ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

---

## લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભના રે,
લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે;
લોભે દુર્ઘટ પંથે સંચ રે. રે, તુમે૦ ૧

તજે લોભ તેનાં લઉં ભામણાં રે,
વળી પાયે નમીને કરૂં ખામણાં રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે,
તુમે સંગત મેલો તેહની રે. તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે,
લોભે ઊંચ તે નીચું આચરે રે;
લોભે પાપ ભણી પગલા ભરે રે,
લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે. તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મલું રે,
લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતિ ને પાવડું રે,
લોભે ધન મેલે બહુ એકઠું રે. તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે,
લોભે હત્યા પાતક નવિ ગણે રે;
તે તો દામતણે લોભ કરી રે,
ઉપર મણિધર થાએ તે મરી રે. તુમ૦ ૫.

જોતાં લોભનો થોભ દીસે નહિ રે,
એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે;
તે તો સમુદ્ર માંહે ડૂબી મૂઓ રે. તુમે૦ ૬.

એમ જાણીને લોભને છંડજો રે,
એક ધર્મ શું મમતા મંડજો રે;
કવિ ઉદયરત્ન ભાખે મુદા રે,
વંદું લોભ તજે તેહને રે. તુમે૦ ૭

# અન્ય પદો

## શ્રી સદ્ગુરુ સ્તુતિ

સદ્ગુરુ પદમેં સમાત હૈ, અહંતાદિ પદ સર્વ,
તાતેં સદ્ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ.

સદ્ગુરુચરણં અશરણશરણં,
ભ્રમ–આતપહર રવિ–શશિકિરણં;
જયવંત યુગલપદ જયકરણં,
–મમ સદ્ગુરુચરણ સદા શરણં. ૧

પદ સકલકુશલવલ્લી સમ ધ્યાવો,
પુષ્કર સંવર્તમેઘ ભાવો;
સુરગોસમ પંચામૃત ઝરણં—મમ૦ ૨

પદ કલ્પ-કુંભ કામિત દાતા,
ચિત્રાવલી ચિંતામણિ ખ્યાતા;
પદ સંજીવની હરે જરમરણં—મમ૦ ૩

પદ મંગલ કમલા–આવાસં,
હરે દાસનાં આશપાશત્રાસં;
ચંદન ચરણં ચિત્તવૃત્તિઠરણં—મમ૦ ૪

દુસ્તર ભવ તરણ કાજ સાજં,
પદ સફરી જહાજ અથવા પાજં;
મહી મહીધરવત્ અભરાભરણં—મમ૦ ૫

સંસાર કાંતાર પાર કરવા,
પદ સાર્થવાહ સમ ગુણ ગરવા;
આશ્રિત શરણાપન્ન ઉદ્ધરણં—મમ૦ ૬

શ્રીમદ્ સદ્‌ગુરુ પદ પુનિતં,
મુમુક્ષ–જનમન અમિત વિત્તં;
ગંગાજલવત્ મનમલ–હરણં—મમ૦ ૭

પદકમલઅમલ મમ દિલકમલં,
સંસ્થાપિત રહો અખંડ અચલં;
રત્નત્રય હરે સર્વાવરણં—મમ૦ ૮

---

## શ્રી સદ્‌ગુરુ ઉપકાર–મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ–અભિમાન. ૧

તે કારણ ગુરુરાજને, પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન–દાતાર;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩

અહો ! ઉપકાર તુમારડો, સંભારૂં દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૪

અનંતકાળ હું આથડયો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૫

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગણ રત્ન ભંડાર. ૭

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્ત્વંત;
નહીં બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮

બાહ્યચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતર્ચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯

---

## તારાં દર્શન માત્રથી ભ્રમણા ભાંગી

તારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાંગી રે;
મેં તો લોક લાજની કુટેવ, સરવે ત્યાગી રે. ૧

સહજાત્મનું નિરખી સ્વરૂપ, ઠરે છે નેણાં રે;
રૂડાં લાગે છે રસકૂપ, વહાલા તારા વેણાં રે. ૨

મેં પ્રીતિ કરી પ્રભુ સાથ, બીજેથી તોડી રે;
હવે શ્રી સદ્‌ગુરુ સંઘાત, બની છે જોડી રે. ૩

મેં તો પરિહર્યા પટ આઠ, નથી કાંઇ છાનો રે;
મેં તો મેલ્યો સર્વ ઉચાટ, માનો કે ન માનો રે. ૪

મેં તો હૃદય રડાવી લોક, રાખ્યાં હતાં રાજી રે;
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજી રે. ૫

તોડો દાસની આશનો પાસ, પૂરો મારી આશા રે,
મને તો તમારા સુખરાશ, છે દૃઢ વિશ્વાસા રે. ૬

જોઈ હૃદયનેત્ર વનક્ષેત્ર, પધારો પ્રીતે રે;
તારા રત્નત્રયની સાથ, રહો રસ રીતે રે. ૭

---

## અમને અંત સમય ઉપકારી

અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે—
શ્રીમદ્ સદ્ગુરૂ નામ તમારું, પ્રાણ જતાં પણ ન કરું ન્યારું;
મનહર મંગળ મૂર્તિ મને બતાવજો રે—અમને૦ ૧

વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટી કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દરશાવજો રે—અમને૦ ૨

વસમી અંત સમયની વેળા; વ્હારે ધાજો વ્હાલા વ્હેલા;
પ્રણતપાળનું પહેલા પણ પરખાવજો રે—અમને૦ ૩

મરકટ જેવું મન અમારૂં; તત્ત્વતઃ તોડે તાન તમારૂં;
અંતરનું અંધારૂં સદ્ય સમાવજો રે—અમને૦ ૪

દેજો દર્શન જનમનહારી, પરમ કૃપાળુ બિરુદ વિચારી;
રત્નત્રય બલિહારી બાપ બચાવજો રે—અમને૦ ૫

---

## હવે ન ચૂકું તારી ચાકરી

સહજાત્મ સ્વરૂપ સુણો વિનતી રે,
હું તો વિનવું વિનયે દિન રાત, મારા નાથ,
હવે ન ચૂકું તારી ચાકરી રે;
મારા આત્મા તણી કરો ઉન્નતિ રે,
તમે સાચા મારા માત તાત, મારા નાથ, હવે૦

હું તો બાળપણે ન ઓળખી શક્યો રે,
મેં તો જાણી સાધારણ વાત, મારા નાથ, હવે૦

પછી મત મમતે ઉન્મત્ત થયો રે,
મ્હેં તો કીધા અનેક ઉત્પાત, મારા નાથ, હવે૦

કોઈ પૂર્વના શુભ સંસ્કારથી રે,
મ્હેં તો સૂણ્યા તારા અવદાત, મારા નાથ, હવે૦

વળી વચનામૃત સુવિચારિયાં રે,
મને લાગ્યાં તે ખરાં ખરેખાત, મારા નાથ, હવે૦

તારા કૃપાના પાત્રની કૃપા વડે રે,
મને મળ્યા તમે સાક્ષાત્, મારા નાથ, હવે૦

પ્રભુ કેમ ભૂલું કોઈ કાળમાં રે,
મને સંબોધ્યો ગ્રહી હાથ, મારા નાથ, હવે૦

મેં તો પ્રત્યક્ષ સદ્‌ગુરૂ ભેટિયા રે.
મારો અંતરાત્મા હર્ષાત, મારા નાથ, હવે૦

હું તો પૂર્વ ભણેલ સર્વ ભૂલિયો રે,
મેં તો પામી અપૂરવ વાત, મારા નાથ, હવે૦

મારે અસત્સંગની આખડી રે,
સત્ય સંગે હૃદય ઉલ્લસાત, મારા નાથ, હવે૦

મને ડાહ્યા ગણાતા ગણે ગાંડિયો રે,
તેથી અંતરંગ નહિ અકળાત, મારા નાથ, હવે૦

મને ભ્રષ્ટ ગણીને ભાંડે ઘણાં રે,
તેથી સુણી સુણી થાઉ રળિયાત, મારા નાથ, હવે૦

કદી ઘોર પરિષહ ઊપજે રે,
તેની ચિંતા નહીં તિલ માત, મારા નાથ, હવે૦

પણ વ્હાલા તમારા વિયોગનો રે,
દુઃખ નિમિષ માત્ર ન સહાત, મારા નાથ, હવે૦

મને દીજે અખંડ ઉપાસના રે,
સદ્‌ગુરૂ સત્સંગનો સાથ, મારા નાથ, હવે૦

વળી રત્નત્રયની દીજે ઐકયતા રે,
હું તો માગું ચરણ ધરી માથ, મારા નાથ, હવે૦

---

## શરણ તમારે છું

શ્રીમદ્ સદ્‌ગુરુ રે શ્રી સહજાત્મ સ્વરૂપ સુખકાર,
શુદ્ધ ચૈતન્ય વિભુ રે વ્હાલા મારા નોંધારાના આધાર;
શરણ તમારે છું શ્રીમદ્ ૧

પ્રીતમ પ્રેમના રે, પ્રેમે બાંધ્યા મુજના પ્રાણ;
તમ પૂંઠે ફરૂં રે, થઈને વણમૂલ્યે વેચાણ... શરણ૦૨

તારક તમો વિના રે, અધક્ષણ અળગો રહ્યો ન જાય,
પીડા પ્રેમની રે, કોના મુખ આગળ કહેવાય?... શરણ૦૩

પ્રભુ તુમ કારણે રે, મૂકી મેં તો લોકચાલની ચાલ;
જગ વૈરી થયો રે, માથે અધિકી મૂકે આળ...શરણ૦૪

ફિટકાર્યો ફરૂં રે, ભૂલી મારા ભુવન કેરૂં ભાન;
ખૂબીના ખેલમાં રે, ગુરુ તારા ગુણમાં થયો ગુલતાન...શરણ૦ ૫

લોક સમાજને રે, કીધાં તમ માટે મેં ત્યાજ;
તે તરછોડવા રે, તમને કેમ ઘટે મહારાજ?...શરણ૦૬

અળગા ના થશો રે, સન્મુખ રહેજો સદ્‌ગુરુરાય;
ભવ જળ બૂડતાં રે, બળ વિચારી પકડો બાંહ્ય...શરણ૦૭

દીનના બંધુ છો રે, પરમ કૃપાળુ નામ પ્રણામ;
રસિક રક્ષક સદા રે, યોગક્ષેમ કરતાં સુખધામ...શરણ૦૮

વસ્તુ વિચારતાં રે, જગમાં શરણુ આપનો આપ;
રત્નત્રય લખ્યા રે, ઉપચારે સદ્ગુરુ સુપ્રતાપ...શરણુ૦૯

## કૌન સુધારત કાજ

કૌન સુધારત કાજ, **રાજ** બિન કૌન સુધારત કાજ;
કૌન રખે મોરી લાજ, **રાજ** બિન કૌન રખે મોરી લાજ.

શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે, શુદ્ધ ચૈતન્ય સામ્રાજ્ય;
પરભવ કા પૂરાવા માટે, શ્રી ગુરુ રાજાધિરાજ. રાજ બિન૦

કર્મ કીચસો નિકસન અર્થે, શોધે અનેક ઈલાજ;
રાજ વાકચામૃત રૂપી પાવન, પા ગઈ પહોળી પાજ. રાજ૦

સત્ ઢુંઢન કો ઢુંઢક બનકે, ઢુંઢે અનેક સમાજ;
સ્વપનેમેં ગુરુરાજ કો નિરખત, ગઈ સબ ભ્રમણા ભાજ. રાજ૦

સંસ્કારબલ સત્ય અભાવે, રહતા ચિત્ત નારાજ;
કૃપાનાથ કર પકર્યો જબસેં, તબસેં મિટી મન દાજ. રાજ૦

દુઃખ દરિયા ઉલ્લંઘન અર્થે, કીના અનેક ઈલાજ;
શ્રી ગુરૂરાજ સ્વરૂપી પાઈ, સહજે સફરી જહાજ. રાજ૦

શ્રી ગુરૂરાજ વૈદ્ય મિલ્યા મુજ, મેરો કીનો ઈલાજ;
લાજ ખાજ દાઝ રોગ મેટકેં, આતમબલ દિયો સાજ. રાજ૦

શ્રી ગુરુરાજ મહારાજ સુણીજે, મેરી અરજ–અવાજ;
ગરીબનિવાજ રત્નત્રયી રૂપી, બગસીદે સ્વરાજ. રાજ૦

## રામ સભામાં અમે રમવાને

રામ સભામાં અમે રમવાને ગ્યા તા,
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો૦

પહેલો પિયાલો મારા સદ્‍ગુરૂએ પાયો,
બીજે પિયાલે રંગ રેલી.....હરીનો રસ૦

ત્રીજે પિયાલો મારા રોમે રોમે વ્યાપ્યો,
ચોથે પિયાલે થઇ છું ઘેલી.....હરિનો રસ૦

રસબસ એક રૂપ થઈ રસિયાની સંગે,
વાત ન સૂઝે બીજી વાટે.....હરિનો રસ૦

મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે,
તે મારા મંદિરિયામાં મ્હાલે.....હરિનો રસ૦

અખંડ હેવાતણ મારા સદ્‍ગુરૂએ દીધાં,
અખંડ સૌભાગી અમને કીધા.....હરિનો રસ૦

ભલે મળ્યાં રે મહેતા નરસિંહના સ્વામી,
દાસી પરમ સુખ પામી.....હરિનો રસ૦

---

## મેરો ઇતનો ચાહિએ

મેરો ઇતનો ચાહિએ, નિત દરિશણ પાવું;
ચરણ કમળ સેવા કરૂં, ચરણે ચિત્ત લાવું. મેરો૦

શિવ મંદિર કે મહેલમેં, પ્રભુ પાસ બસાઉં;
નિપટ નજીકે હોય રહું, મેરો જીવ રમાઉં. મેરો૦

પ્રભુજી અંતરયામી તું, આંતરિક ગુણ ગાઉં;
આનંદ કે પ્રભુ પાસજી, મેં તો અવર ન ધ્યાઉં. મેરો૦

—શ્રી આનંદ

---

## ગુણ અનંત અપાર

ગુણ અનંત અપાર, પ્રભુ તોરા ગુણ અનંત અપાર;
સહસ રચના કરત સુરગુરુ, તોહી ન પાવે પાર. પ્રભુ૦

કૌન અંબર ગિનૈ તારા, મેરૂ ગિરિકો ભાર;
ચરમ સાગર લહરી માલા, કરત કૌન વિચાર. પ્રભુ૦

ભક્તિગુણ લવલેશ ભાખૈ, સુવિધિ જન સુખકાર;
સમય સુંદર કહત હમકું, શ્વાસ તુમ આધાર. પ્રભુ૦

---

## સાધુ ભેદ અગમરા બૂઝે

સાધુ ભેદ અગમરા બૂઝે (પાયા)
ગુરુ ભેદ અગમરા બૂઝે (પાયા)

કેમ કરી સદ્ગુરુ મળે (અને) કેમ કરી લઇએ નામ;
કેવા ગુરુને નીરખીએ, ક્યાં છે આત્મા રામ.

શ્વાસે ઉચ્છવાસે સમરીએ, અહર્નિશ લઈએ નામ;
નૂરત સૂરત જ્યારે નીરખીએ, ત્યારે સબ ઘટ આતમ રામ.

ક્યાંથી વીજું કરે ઝબુકા, ને કેમ કરી જ્યોતું જાગે;
ક્યાં સદ્‌ગુરુજીની નોબત વાગે, ને તખ્તે કોણ બિરાજે.

આપ તેજથી થાયે ઝબુકા, ત્રિકુટીમેં જ્યોતું જાગે;
શૂન્ય (ગગન) મંડળમેં નોબત વાગે, અખંડ આપ બિરાજે.

કહાંસે આયા કહાં જાયગા, કહાં તુમારા ઠામ;
આ કાયા તો કાલ પડી જાશે, ફિર બતાવો ધામ.

આયા હમ ગુરુનૂરસે, આતમધ્યાનમેં ઠામ;
ચઢી સુરત અશમાન ઠહેરાણી, તો બ્રહ્મ હમારા ધામ.

કોન શબ્દસે ધ્યાન લગાયા, કોન નામ નિરધાર્યો;
ખીમદાસ રવિદાસ કો પૂછે, (તમે) માંહી ખેલો છો કે બારા;

સોહં (સત્યં) શબ્દ સે ધ્યાન લગાયા; આદિનામ નિરધાર્યો;
ખીમદાસ સદ્‌ગુરુ પ્રતાપે, ઓહં સોહં સે પારા.

—શ્રી ખીમદાસ સાહેબ

---

## કચ્ચા બે કચ્ચા

કચ્ચા બે કચ્ચા, નહીં ગુરુકા બચ્ચા
દુનિયા તજ કર ખાક રમાઈ
જા કર બૈઠા બનમેં

ખેચરી મુદ્રા વજાસનમેં ધ્યાન ધરત હૈ મનમેં
તબ હી કચ્ચા.
ગુપ્ત હોકર પ્રગટ હોવે જાત મથરાં કાશી;
પ્રાણુ નીકાલ કે સિદ્ધ ભયા હૈ, સતૂલોક કા વાસી.
તબ હી કચ્ચા.

તિરથ કરકે ઉમર જો ખોઇ, જોગ જુગત મેં સારી
ધન કામને નજર ન લાવે, જોગ કમાયા ભારી;
તબ હી કચ્ચા.

કુંડલનીકું ખૂબ ચડાવે, બ્રહ્મરંદ્ર કું જાવે
ચલતા હૈ પાની કે ઉપર, મુખ બોલે સો હોવે.
તબ હી કચ્ચા.

કહે મચ્છેન્દ્ર સૂન હો ગોરખ, તીનો ઉપર જાના;
કૃપા ભઈ જબ સદ્ગુરુજીકી, આપ આપકો ચિન્હા.
વોહી સચ્ચા, વોહી ગુરૂકા બચ્ચા.
–શ્રી મચ્છેન્દ્રનાથ

## ગુરુજી મૈં તો એક નિરંજન ધ્યાવું

ગુરુજી મૈં તો એક નિરંજન ધ્યાવું, દુજે કે સંગ નહીં જાઉં.
દુઃખ ન જાનું દર્દ ન જાનું, ના કોઈ વૈદ્ય બોલાવું;
સદ્ગુરુ વૈદ્ય મિલે અવિનાશી, વાકો હી નાડી બતાવું.

ગંગા ન જાઉં, જમના ન જાઉં, ના કોઇ તીરથ ન્હાવું;
અઠસઠ તીરથ હૈ ઘટ ભીતર, વાહી મેં મન મલ ન્હાવું.

પત્તી ન તોડું પત્થર ન પૂજું, ના કોઈ દેવલ જાઉં;
બન બનકી મૈં લકડી ન તોડું, ના કોઇ ઝાડ સતાઉં.

કહે ગોરખ સુન હો મચ્છંદર, જ્યોત મેં જ્યોત મિલાઉં;
સદ્‌ગુરુકે મૈં શરણ ગયે સે, આવાગમન મિટાઉં.

શ્રી ગોરખનાથજી

---

## ગુરૂ મેટ દિયો જન્મ-મરણા

ગુરુ મેટ દિયો જન્મ-મરણા;
સ્વામી આયા મૈં તુમ ચરણાં.
વચન ગુરુકા સદા સોહાગી,

શ્રવણ કિયે સબ ભ્રમણા ભાંગી;
મોહ-નિશાસે ઝબકી જાગી,
સ્વપ્ન માયા સબ ત્યાગી.

અસંખ્ય જુગોંકી હુઇ ઓળખાઈ,
આજ મેરમ મિલના આઇ;
સોહં શબ્દસે સાન ઠહેરાઇ,
ગગન ઘર પર જાઈ રે.

પાપ પકવ અબ ભયા પૂર્વકા,
હેત ધરી સબ હરના;
આજ કાલકા દીર્ઘ કાલકા,
ખામી ખાક જ કરના.

અવશ મન તાકો વશ કીના,
એક આત્મબ્રહ્મ ચીન્હા;
મૈં સાહેબ ગુરુ રંગ ભીના,
ચરણુ શરણુ જબ લીના.

—સંત દેવીદાસ

---

## રામ તજું સદ્‌ગુરુ ન બિસારૂં

રામ તજુ સદ્‌ગુરુ ન બિસારૂં,
સદ્‌ગુરુ સમ હરિ કો ન નિહારૂં;
હરિ જનમ દિયો જગ માંહી,
સદ્‌ગુરુ આવાગમન છૂટાહી.

હરિને પાંચ ચોર દિયે સાથા,
સદ્‌ગુરુ લેઇ છુટાઇ અનાથા;
હરિને કુટુમ્બ જાલ મેં ઘેરી,
સદ્‌ગુરુને કાટી મમતા મેરી.

હરિને રોગ ભોગ ઉરઝાયો,
સદ્‌ગુરુ જોગી કરી સરવે છુટાયો;
હરિને કર્મ ધર્મ ભરમાયો,
સદ્‌ગુરુને આતમરૂપ લખાયો.

હરિને મોંસુ આપ છિપાયો,
સદ્ગુરુ દીપક તાહી દિખાયો;
ફિર હરિ બંધગતિ લાયે,
સદ્ગુરુ મુક્તિ ગતિ પહુંચાયે.
(સદ્ગુરુને સબ ભરમ મિટાયે.)

'શ્રી સદ્ગુરુ' પર તન મન વારૂં;
સદ્ગુરુ ન તજું હરિ કો તજ ડારૂં.

—સંત સખુબાઈ (સંત સહોજાબાઈ)

---

## સત્ય પિપાસુ સુન હો પ્રેમી

સત્ય પિપાસુ સુન હો પ્રેમી, સંત સ્પષ્ટ સમજાયો,
આનંદઘન સ્વરૂપ તિહારો, સમજ બિન ગોથા ખાયો.

હવસ કરતે માતપિતાને, બિન સમજે પિંડ પ્રગટાયો,
નવ માસ વ્યતીત ભયે તબ વોહી પિંડ બાહર આયો.—સત્ય૦

વહી પિંડકો દેખ દેખકે, સબ કોઈ આનંદ ગાયો;
આનંદ રૂપ પિંડ નહી હે, (પર) પિંડકો પોષણહારો—સત્ય૦

બિન ચેતન કહો પિંડ હી કૈસો, જૈસો માંસકો ઢેરો;
કૈસો તેરો સ્વરૂપ પ્રગટ હૈ, ગુરુ બિન ઘોર અંધેરો—સત્ય૦

સિંહચંદ લાલદાસ સભી, અપનો રૂપ વિચારો;
કૈસો અપનો દેહ બન્યો હૈ, તદપિ અહંભાવ તુમ્હારો–સત્ય૦

યેહી દેહ અપનો ઘર હે, ઉસે ઉપકાર હમારો;
રહનેવાલો છૈલ છબીલો, સુન્દર શ્યામ પિયારો–સત્ય૦

શ્યામ સુન્દર જ્યોતિ સ્વરૂપી, સોહી સ્વરૂપ હમારો;
સ્વયં જ્યોતિ આનંદ બરસ્યો, સહજ સ્થિતિ સમાયો.–સત્ય૦

---

## જ્યાં લગી આત્મતત્ત્વ ચીન્યો નહીં

જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષા દેહ તારો એમ એળે ગયો,
માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.

શું થયું સ્નાન પૂજા ને સેવા થકી,
શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે,
શું થયું વાળ લોચન કીધે.

શું થયું તપ ને તીરથ કીધા થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી,
શું થયું ગંગજલ પાન કીધે.

શું થયું વેદ વ્યાકરણ વાણી વદ્યે,
શું થયું રાગ ને રંગ જાણ્યે;
શું થયું ખટ્ દરશન સેવ્યા થકી,
શું થયું વરણના ભેદ આણ્યે.

એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વ દર્શન વિના,
રત્નચિંતામણિ જન્મ ખોયો.

## મુંગા વાચા પામતા

મુંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢી જાય !
ગુરુ–કૃપા–બળ ઓર છે, અંધ દેખતા થાય ! ૧

જંગલમાં મંગલ બને, પાપી બને પવિત્ર !
એ અચરજ નજરે તરે, મરણ બને છે મિત્ર ! ૨

અખંડ વિશ્વાસે વસું, સાચા શ્રી ગુરુરાજ;
રડવડતો કયમ રાખશે ? બનું નહિ નારાજ. ૩

મુજ અવગુણ, ગુરુરાજ ગુણ, માનું અનંત અમાપ;
બાળક કર પ્હોળા કરી, દે દરિયાનું માપ. ૪

સમર્થ શ્રીમદ્ રાજચંદ્ર, હું શ્રદ્ધાળુ બાળ;
અચૂક આશ્રય આપીને, પળ પળ લ્યો સંભાળ. ૫

## જો ભજે હરિ કો સદા

જો ભજે હરિ કો સદા, સોહી પરમ પદ પાયેગા,
દેહકે માલા તિલક ઔર છાપ નહીં કછું કામકે
પ્રેમ ભક્તિ કે બિના નહીં, નાથ કે મન ભાયેગા.

છોડ દુનિયા કે મજે ઔર, બેઠ કર એકાંતમેં,
ધ્યાન ધર હરિ કે ચરનકા, ફિર જનમ નહીં આયેગા.

દિલકે દરપનકો સફા કર, દૂર કર અભિમાનકો,
ખાક બન ગુરુ કે ચરનકી, તો પ્રભુ મિલ જાયેગા.

દૃઢ ભરોસા કરકે મનમેં, જો ભજે હરિ નામકો,
કહેતા હય બ્રહ્માનંદ, બ્રહ્માનંદ બીચ સમાયેગા.

---

## જીવ્યું ધન્ય તેહનું...

જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણા જળ ત્રૈલોક;
જીવ્યું ધન્ય તેહનું.

દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક;
જીવ્યું ધન્ય તેહનું.

દીસે ખાતાં પીતાં ને બોલતાં, નિત્યે હો નિરંજન નિરાકાર;
જીવ્યું ધન્ય તેહનું.

જાણે સંત સલૂણા તેહને, જેને હોય છેલ્લો અવતાર;
જીવ્યું ધન્ય તેહનું.

જગ પાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર;
જીવ્યું ધન્ય તેહનું.

તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઇએ નવ થાય;
જીવ્યું ધન્ય તેહનું.

રિદ્ધિ સિદ્ધિ તે દાસીઓ થઇ રહી, બ્રહ્માનંદ હૃદયે ન સમાય;
જીવ્યું ધન્ય તેહનું.

---

## સાચા પ્રભુની પ્રાપ્તિ

અબ મૈં સાચો સાહિબ પાયો,
યાકી સેવન કરત હું યાકું મુજ મન પ્રેમ સુહાયો. અ૦ ૧

ઠાકુર ઔર ન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપતિ અપની ખિનુમેં દેવે, વે તો દિલમેં ધ્યાયો. અ૦ ૨

ઔરનકી જન કરત ચાકરી, દૂર દેશ પાય ઘાસે;
અંતરયામી ધ્યાને દીસે, વે તો અપને પાસે. અ૦ ૩

ઓર કબહું કોઉ કારન કોપ્યો, બહોત ઉપાય ન તૂસે;
ચિદાનંદમેં મગન રહતુ હૈ, વે તો કબહું ન રૂસે. અ૦ ૪

ઓરનકી ચિંતા ચિતિ ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા ગુન પૂરન સુખ ખેલે, વે તો અપને ભાવે. અ૦ ૫

પરાધીન હૈ ભોગ ઓરકો, તાતેં હોત વિયોગી;
સદા સિદ્ધ સમ શુદ્ધ વિલાસી, વે તો નિજ ગુન ભોગી અ૦ ૬

જ્યોં જાનો ત્યોં જગજન જાનો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પરસૂં હોવે, રાગ ધરત હું ગુનકો. અ૦ ૭

ભાવ એક હે સબ જ્ઞાનીકો, મૂરખ ભેદ ન પાવે;
અપનો સાહિબ જો પહિચાને, સો જસ લીલા પાવે. અ૦ ૮

---

## પરમ કૃપાળુ દીન દયાળુ

પરમ કૃપાળુ દીન દયાળુ, જીવનના આધાર પ્રભુજી;
સચરાચર જગદીશ્વર ઇશ્વર, ઘટ ઘટમાં વસનાર પ્રભુજી. ૧

ઉર્મિઓ શુભ જાગે મારી, ભ્રમણાઓ સહુ ભાંગે મારી;
માયાનું આ ઝેર ઉતારો, અમૃતના સિંચનાર પ્રભુજી. ૨

અંધારૂં અંતર ઓરડીએ, પલ પલમાંહી પાપે પડીએ;
ભક્તિની જ્યોતિ પ્રગટાવો, પ્રકાશના કરનાર પ્રભુજી. ૩

જોગીશ્વર નવ જાણે ભેદો, ગુણલા ગાતાં થાકે વેદો;
પામર ક્યાંથી જાણે પુનિત, ગુણગુણના ભંડાર પ્રભુજી. ૪

---

## હું દીન માનવ

હું દીન માનવ સાધનહીન છું, આવ્યો છું તુમ ચરણે;
અધમ તણા ઉદ્ધારક ગુરુજી, રાખી લ્યોને શરણે.
હું દીન માનવ...૧

ના જાણું હું રીતિ નીતિ, વિવેક પણ ના જાણું;
બે હાથે મસ્તક ઝુકાવું, એટલું તો હું જાણું.
હું દીન માનવ...૨

સ્તુતિ કરૂં છું મૂક બનીને, આંસુડાં સમજાવે;
અંતર્ધ્વનિ નીકળ્યો રડવામાં, સ્વીકારી લ્યો એ ભાવે.
હું દીન માનવ...૩

અંતર વ્યાપી બહુ વ્યાકુળતા, તાલાવેલી તનમાં;
પુનિત મૂર્તિ સદ્‌ગુરુજીની, ઝંખુ નિશદિન મનમાં.
હું દીન માનવ...૪

---

## વ્હાલા મારા હૈયામાં રહેજે

વ્હાલા મારા હૈયામાં રહેજે, ભૂલું ત્યાં તું ટોકતો રહેજે.

માયાનો છે કાદવ એવો, પગ તો ખૂંચી જાય;
હિંમત મારી કામ ન આવે, તું પકડજે બાંહ્ય.
વ્હાલા મારા...૧

મરકટ જેવું મન અમારૂં, જ્યાં ત્યાં કૂદકા ખાય;
મોહ મદિરા ઉપર પીધો ને પાપે પ્રવૃત્ત થાય.
વ્હાલા મારા...૨

દેવું પતાવવા આવ્યા જગમાં, દેવું વધતું જાય;
છૂટવાનો એક આરો હવે તો, તું છોડે છુટાય.
વ્હાલા મારા...૩

પુનિતનું આ દર્દ હવે તો, મુખે કહ્યું નવ જાય;
સોંપી મેં તો તારા ચરણમાં, થવાની હોય તે થાય.
વ્હાલા મારા...૪

---

## વિનતી મારી આજ

વિનતી માહરી આજ પરભાતની,
નાથ ! અંતરમહીં આપ ધરજો;
આજની જિંદગી રાત સૂતાં લગી,
ચિત્તડે ચરણની પ્રીત ભરજો. વિનતી૦ ૧

રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં,
જળ અને કમળની જેમ રાખો;
પાળું મુજ ધર્મને, કરૂં સૌ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો. વિનતી૦ ૨

સુખી રહું સુખમાં, સુખી રહું દુઃખમાં,
સુખ ને દુઃખનાં ભેદ ટાળો;
પાંખમાં રાખીને દુઃખડાં કાપીને,
જાણ અજાણનાં પાપ ટાળો. વિનતી૦ ૩

ન્હાઉં સત્સંગમાં, રાચું એ રંગમાં,
અંગમાં ભક્તિનાં પૂર ભરજો;
ઇચ્છું કલ્યાણ હું મિત્ર-દુશ્મન તણું,
જગતનું નાથ! કલ્યાણ કરજો. વિનતી૦ ૪

આંખ છે આંધળી, તુજશું ના ઢળી,
તે છતાં હે પ્રભો! લક્ષ લેજો;
દોડતા આવીને પુનિત સંભાળીને,
અંતમાં દર્શને બાપ રહેજો. વિનતી૦ ૫

## મોરી લાગી લટક

મોરી લાગી લટક ગુરુચરનનકી,
ચરન બિના મુજે કછું નહીં ભાવે;
જૂઠ માયા સબ સપનનકી. મોરી૦ ૧

ભવસાગર સબ સુક ગયા હૈ,
ફીકર નહીં મુજે તરનનકી;
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર
ઉલટ ભઈ મોરે નયનનકી. મોરી૦ ૨

## મારો જનમ જનમરો સાથી

મારો જનમ જનમરો સાથી,
થામેં નાહી બીસુરંગી દીનરાતી.

થા દેખ્યા બીન કલ ન પરતુ હૈ,
જાણુત મોરી છાતી;
ઊંચે ચડી ચડી પંથ નિહારું,
રોયે રોયે અખીયાં રાતિ.

યેહ સંસાર સકલ જગ જૂઠો,
જૂઠો કુલરો ધ્યાસી;
દોઉ કર જોરયાં અરજ કરૂં છું,
સુણુ લીજો મોરી બાતી.

યેહ મન મેરો બડો અજ્ઞાની,
જો મદમાતો હાથી;
સદ્ગુરૂ હાથ ધરો શીર ઉપર,
અંકુશ દઇ સમજાતી.

પલ પલ પ્રભુ તેરો રૂપ નિહારૂં,
નીરખ નીરખ સુખ પાતિ;
દાસી મીરાં લાલ ગિરધર,
હરિ ચરણું સુખ લાતિ,

## કોઈ શ્યામ મનોહર લ્યો રે

કોઈ શ્યામ મનોહર લ્યો રે,
શિર ધરે મટુકીયાં ડોલે;
દધિકો નામ બીસર ગઈ ગ્વાલન,
હરિ લ્યો, હરિ લ્યો બોલે.

કૃષ્ણરૂપ છકી હૈ ગ્વાલન,
ઔર હી ઔર હી બોલે;
મીરાં કે પ્રભુ ગીરધર નાગર,
ચેરી ભઈ બિન મોલે.

—મીરાંબાઈ

---

મુંબઈ, જેઠ વદ ૬, રવિ, ૧૯૫૩

## પરમપુરૂષ–દશાવર્ણન

'કીચસૌ કનક જાકૈ, નીચસૌ નરેસપદ,
મીચસી મિતાઇ, ગરૂવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામતિ,
હહરસી હૌસ, પુદ્દગલછબિ છારસી.

જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.

જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચ પદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે; સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્દગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગ-વિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબનાં કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

---

## જગતમેં કૈસા ના'તા !

મન ફૂલા ફૂલા ફિરે જગતમેં, કૈસા નાતા રે.
માતા કહે યેહ પૂત હમારો, બહેન કહે વીર મેરો;
ભાઈ કહે યેહ ભૂજા હમારી, નારી કહે નર મેરો રે.

પેટ પકડકે માતા રોવે, બાંહ પકડ કર ભાઈ;
લપટ ઝપટ કર સ્રીયાં રોવે, હંસ એકલા જાઈ.

ચાર ગજી ચરગજી મંગાયો, ચડયો કાષ્ટ કી ઘોડી;
ચારો કોને આગ લગા દી, ફૂંક દીયો જૈસે હોરી.

હાડ જરે જુએ લાકડી ઔર કેસ જરે જુએ ઘાંસા;
સોને જૈસી જરી ગઇ કાયા, કોઉ ન આયો પાસા રે.

જબ તક જીયે માતા રોયે, બહેન રોયે દશ માસા;
તેરા દિવસ તક સ્રીયાં રોયે, ફીર કરે ઘર વાસા રે.

ઘરકી સ્રી ઢુંઢન લાગી, ઢુંઢ ફીરી ચહુ દીશા રે;
કહેત કબીર સૂનો ભાઇ સાધુ, જૂઠી જગકી આશા રે.

---

## ચદરિયા ઝીની રે......

ચદરિયા ઝીની રે બીની, રામ નામ રસ ભીની;
અષ્ટકમલકા ચરખા બનાયા, પાંચ તત્ત્વકી પૂની;
નવ દશ માસ બૂવનકો લાગે, મૂરખ મૈલી કીની.

જબ મોરી ચાદર બન ઘર આઈ, રંગરેજ કો દીની;
ઐસા રંગ રંગા રંગરેજને, લાલો લાલ કરી દીની.

ધ્રુવ પ્રહલ્લાદ સુદામાને ઓઢી, શુકદેવને નિર્મલ કીની;
દાસ કબીરને ઐસી ઓઢી, જ્યું કી ત્યું ધર દીની.

---

## તુમ ચંદન

તુમ ચંદન હમ પાની પ્રભુજી......
જા કે અંગ અંગમેં બાસ સમાની. તુમ ચંદન૦

તુમ ઘન બન હમ મોરા,
જેસે ચિતવન ચંદ ચકોરા;
તુમ દીપક હમ બાતી,
જાકી જ્યોતિ જલે દિનરાતી. તુમ ચંદન૦

તુમ મોતી હમ ધાગા,
જૈસે સોનેહી મિલત સોહાગા;
તુમ સ્વામિ હમ દાસા,
જૈસી ભક્તિ કરે રૈદાસા તુમ ચંદન.

---

## પ્રભુ–ઉપકાર

કૌન ઉતારે પાર, પ્રભુબિન કૌન ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર, પ્રભુબિન કૌન ઉતારે પાર ?
કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર. પ્રભુ૦
નિકો તુમ ઉપદેશ દિયો હૈ, સબ સારનકો સાર. પ્રભુ૦
હલકે વ્હૈ ચાલે સેં નિકસે, બૂડે જે શિરભાર. પ્રભુ૦
ઉપકારીકો નહિ વિસરીએ, યેહિ ધર્મ અધિકાર. પ્રભુ૦
ધર્મપાલ પ્રભુ, તું મેરે તારક, ક્યું ભૂલું ઉપકાર ? પ્રભુ૦

---

## ગુરુદેવને ભૂલશો નહીં

(ગઝલ)

ભૂલે ભલે બીજું બધું, ગુરુદેવને ભૂલશો નહીં;
અનંતા છે ઉપકાર એના, એ પણ ભૂલશો નહીં.

ભટક્યા અનંતા ભવ માહીં, ત્યારે મળ્યું માનવપણું;
એ ગુરુદેવના ઉપકારને, માનવ બની ભૂલશો નહીં.

ઉપદેશ મુખેથી અર્પિયા, માનવ બની ઉરે લહ્યા;
અમૃત વાણીના દેનાર સામે, ઝેર ઠાલવશો નહીં.

જ્ઞાન દાન અર્પીને, સમજ કરાવી સ્વધર્મ તણી;
જ્ઞાન દાનના દેનારની, આજ્ઞા કદી ઉલંઘશો નહીં.

ધન કમાતા હો ભલે, સ્વામિપણું ધરશો નહીં;
ધન વૈભવ, લક્ષ્મીમાં, મમપણું કરશો નહીં.

શેતાન મટી માનવ બનો, અધમ કૃત્યો કરશો નહીં.
જે કરે તે ભોગવે, એ વાત વિસરશો નહીં.

લાખો ખરચતાં મળશે બધું, સત્સંગીઓ મળશે નહીં;
'સોહમ્' સત્સંગીઓનો સમાગમ કરવો ભૂલશો નહીં.

---

અહો ! રાજચંદ્ર દેવ, રાત દિવસ મને રહેજો રટણ તમારૂં,
તમે પતિતપાવન છો સ્વામી,
હું તો લોભી લંપટ ને કામી,
તે તો જાણો છો અંતરજામી. અહો ! રાજ૦ ૧

નથી જપ તપ સાધન કાંઈ કર્યું,
નથી ચરણકમળમાં ચિત્ત ધર્યું,
મન રેંટ તણી પેરે જાય ફર્યું. અહો ! રાજ૦ ૨

મને મોહકટક લાગ્યું પૂંઠે,
નિત્ય ઘેરીને મુજને લૂંટે,
તમે છોડાવો પ્રભુ તો છૂટે. અહો ! રાજ૦ ૩

અહો ભાનુ સમાન પ્રગટ મણિ,
મારા અનંત દોષ કાઢો ધણી,
ક્ષણ દૃષ્ટિ કરો મુજ રંક ભણી. અહો ! રાજ૦ ૪

પ્રભુ કરુણાસાગર આપ અહો !
મુજ પામરની પ્રભુ બાંહ્ય ગ્રહો,
તુમ સેવા મુને સહાય રહો. અહો ! રાજ૦ ૫

જ્ઞાન દર્શન ચરણ ક્ષાયક જાણી,
પ્રભુ સહજ સ્વભાવ પ્રગટ મણિ,
આપો મને દેવ હો રંક ગણી. અહો ! રાજ૦ ૬

દિવ્ય જ્ઞાન કળા પ્રભુ અકળ અહો !
મુજ પામરથી ન કળાય અહો !
તુમ મુદ્રા દેખી પ્રતીત ભયો. અહો ! રાજ૦ ૭

તુમ મોક્ષમાર્ગ ઉજ્જ્વળ કિયો,
કુળ મતાગ્રહાદિ છેદ દિયો,
અહો ! ભવ્યને કારણ દેહ લિયો. અહો ! રાજ૦ ૮

અહો ! વિષય કષાય અભાવ કિયો,
પ્રભુ સહજ સ્વભાવે ધર્મ લિયો,
નિરઉપાધિપદ સહજ ગ્રહ્યો. અહો ! રાજ૦ ૯

પરમ શીતળ અનંત દયા તુમમેં,
પ્રભુ સ્યાદ્વાદશૈલી તુમ ઘટમેં,
તુજ ચરણકમળ સેવા દ્યો મુજને. અહો! રાજ૦ ૧૦

તુમ જ્ઞાનકળા અખંડ પ્રગટી,
હું પામર ગુણ શું કહું કથી?
જૈન શૈલી પામું હું તુમ થકી. અહો! રાજ૦ ૧૧

પ્રભુ ચાર ગતિમાં હું ભટકયો,
હવે સ્વામી તુજ ચરણે આવ્યો,
મુનદાસ ગુલામ છે તુમ જાયો. અહો! રાજ૦ ૧૨

---

## ચિદાનંદ રૂપ શિવોઽહં

મનો બુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાહં,
ન ચ શ્રોત જીવ્હે ન ચ ઘ્રાણ નેત્રે;
ન વ્યોમ ભૂમિ ર્ન તેજો ન વાયુ
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૧॥

ન વા પ્રાણ સંજ્ઞો ન વૈ પંચ વાયુ,
ન વા સપ્ત ધાતુ ન વા પંચ કોશ;
ન વાગ્પાણી પાદૌ ન ચોપસ્થ પાયુ,
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૨॥

ન મે રાગ દ્વેષૌ ન મે લોભ મોહૌ,
મદો નૈવ મે નૈવ માત્સર્ય ભાવ;
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ,
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૩॥

ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં,
ન મંત્રો ન તીર્થો ન વેદા ન યજ્ઞઃ
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા,
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૪॥

ન મૃત્યુ ન શંકા ન મે જાતિ ભેદ,
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ;
ન બંધુ ન મિત્રં ગુરુ નૈવ શિષ્યં,
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૫॥

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો,
વિભૂ વ્યાપ્ય સર્વત્ર સર્વે દ્રીયાણાં;
સદા મે સમત્વ ન મુક્તિ નં બંધ,
ચિદાનંદ રૂપ શિવોઽહં શિવોઽહં. ॥૬॥

---

## સદ્‌ગુરુ તારણહાર

જન્મ મરણનાં દુઃખ તણો, કદી ન આવ્યો પાર;
આ ભવ મુજ સાર્થક થયો, સદ્‌ગુરુ તારણહાર.
સદ્‌ગુરુ તારણહાર. ૧

જે મૃત્યુથી જગ ડરે, તે મુજ મહોત્સવ થાય;
આત્મજ્ઞાની ગુરુ ઉર ધર્યા, સત્‌ સમાધિ સુખદાય.
સદ્‌ગુરુ તારણહાર. ૨

કાયા હું મારી ગણી, ભવ ભવ ભમ્યો અપાર;
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય હું, એ ભાવ્યે ભવપાર.
સદ્‌ગુરુ તારણહાર. ૩

ત્રણ જગમાં સર્વોપરી, સાર રૂપ મુજ એક;
નિજ સહજાત્મ સ્વરૂપ એ, ધ્યાવું ધરી વિવેક,
સદ્‌ગુરુ તારણહાર. ૪

ધ્યાવું ભાવું અનુભવું, નિજપદ કરૂં વિરામ;
સદ્‌ગુરુ રાજ કૃપા થકી, વરૂં સિદ્ધિ અભિરામ.
સદ્‌ગુરુ તારણહાર. ૫

---

## શિવસુખ વરવાને

આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને;
તૈયાર ભવિક જન થાવ, શિવસુખ વરવાને.
મુક્તિપુરીના સર્વ પ્રવાસી, આનંદ ઉર ઉભરાય રે;
ભવદરિયો બહુ દુઃખથી ભરિયો, તારક સદ્‌ગુરુ રાય.
શિવ૦ ૧

દેવદિવાળી દિન જયકારી, ભવિજન આનંદકારી રે;
પૂર્ણચંદ્ર સમ રાજચંદ્ર પ્રભુ, પ્રગટયા સવિ સુખકારી.
શિવ૦ ૨

સત્ય સનાતન માર્ગ મોક્ષનો, કરવા જગ ઉદ્ધાર રે;
તત્ત્વજ્ઞાની જનમ્યા કળિકાળે, શાસનના શણગાર.
શિવ૦ ૩

શ્રુતસાગરના મર્મ પ્રકાશ્યા, ગચ્છમત તિમિરવિદારી રે;
વાણી શાંત સુધારસ ઝરતી, સૌ જનને હિતકારી.
શિવ૦ ૪

આત્મશક્તિ ઉજ્જવળ તુજ ભાળી, મંદમતિ મદ જાય રે;
આત્મશ્રેય સાધક સુવિચક્ષણ, સેવે શરણ સદાય.
શિવ૦ ૫

અંતર્દષ્ટિથી રાજ નિહાળો, બાહ્યદૃષ્ટિ દુઃખદાય રે;
સ્વરૂપાચરણ રમણ નિજપદમાં, જગજયવંત ગણાય.
શિવ૦ ૬

યુગપ્રધાન સમતારસસાગર, સહજસ્વરૂપ સ્થિતિ ધારી રે;
જહાજ બની પ્રભુ પંચમ કાળે, તાર્યા બહુ નર નારી.
શિવ૦ ૭

ચતુર્થકાળમાં પણ દુર્લભ જે, તેવો જોગ જણાય રે,
ભાગ્યવંતથી પ્રતીત કરીને, આશ્રય ગ્રહી તરાય.
શિવ૦ ૮

મુદ્રા શાંત સદા અવિકારી, સ્મરણ સહજ સુખધામ રે;
વાણી મૃત સંજીવન કરતી, ભવિજન મન વિશ્રામ.
શિવ૦ ૯

પરમ કૃપાળુ દશા તમારી, પામરથી શું કળાય રે!
આત્માકાર અવસ્થા સ્વામી, મહાભાગ્યે પરખાય.
શિવ૦ ૧૦

સમીપમુક્તિગામી જે પામ્યા તુજ પદમાં વિશ્રામ રે;
શ્રદ્ધા ભક્તિ સહિત તુજ આશ્રય, નિશ્ચય ગુણ આરામ.
શિવ૦ ૧૧

તુજ આજ્ઞા આરાધન કરતાં, લહીશુ નિજપદ રાજ રે;
રાજવચન જીવન મુક્તિપ્રદ, શુદ્ધિ શુદ્ધિ સુખરાજ.
શિવ૦ ૧૨

---

## હે રાજ! તારા ચરણકમળે

હે રાજ! તારા ચરણકમળે, નિત્ય મારો વાસ હો!
હે નાથ! તાર વદનચંદ્રે, નેત્ર મારા સ્થિર હો!
મહાસૌમ્ય મનહર મુખડાની, દિવ્યતા વિલોકતાં,
વિસરું સદા સંતાપ સૌ, જે હૃદયને પ્રજવાળતા. ૧

ચંદ્રશી શીતળ અને ભાસ્કર સમા તેજે ભરી,
સ્થિર છે ધ્રુવતારલી શી, આંખડી અમૃત ભરી;
ચંદ્ર સૂર્ય ને તારલા, ઝાંખા દિસે તુજ નેત્રથી;
તેજસ્વિતા કે સ્થિરતા ને સૌમ્યતા બીજે નથી. ૨

તારી પ્રશમરસ પૂર્ણ એવી, આંખડી અવલોકતા,
જાઓ જલી મમ નેત્રની, હે રાજ! સર્વ વિકારતા;
દેવી અધમ ઉદ્ધારિણી, તુજ વાણીની ગંગા વહી,
સંતપ્ત દિલને ઠારવા, મુજ સ્નાન હો તેની મહીં. ૩

આધિ અને વ્યાધિ વળી, ઉપાધિની વરસે ઝડી,
એ ઝીલતા તુજ યાદ હોજો, આયુની છેલ્લી ઘડી;
રોગો સૌ ઘેરી વળે ને, આ જીવનની આશ ના,
ધનવંતરી હો તે સમે, હે રાજ! તું મમ રંકના. ૪

સર્વ સંગતને તજી, જાતાં પ્રભુ! પરલોકમાં,
તુજ ભક્તિની કો દિવ્ય જ્યોતિ, પ્રગટો રોમેરોમમાં;
તારા અનંત ઉપકાર સ્મરતા, આંખથી અશ્રુ ખરો,
એ અશ્રુની ફૂલમાળ ગૂંથી, ભક્ત તુજ કંઠે ધરો. ૫

તારો અલૌકિક માર્ગ ચૂકી, જો ભમું લૌકિકમાં,
માર્ગદર્શક હો વિભુ! આ લોક કે પરલોકમાં;
હોજો નિરંતર રાજચરણે, સર્વ તન મન સંપદા,
સૌભાગ્યના સ્વામીની પાસે, એ જ માગું સર્વદા. ૬

## વિરહો નહિ રે ખમાય

વિરહો નહિ રે ખમાય, રાજ તારો વિરહો નહિ રે ખમાય.
સંશય ભાંજે તું વિણ કોણ પ્રભુ,
એ દુઃખ પલપલ થાય. રાજ તારો૦ ૧

બહુ પ્રયાસે મન સ્થિર નહિ થાયે,
તુમ સંગે સ્થિર થાય. રાજ તારો૦ ૨

યોગીને પણ દુર્લભ જેવો,
તે અમને સમજાય. રાજ તારો૦ ૩

---

## સદ્ગુરુ મારા

પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્ગુરુજી મારા;
તમો મળ્યાથી મહા સુખ થાય રે, વિશ્વંભર વાલા.

ભટકી ભટકીને આવ્યો શરણે રે, સદ્ગુરુજી મારા;
રાખો તમારે ચરણે રે, વિશ્વંભર વાલા.

દીનબંધુ દીન પ્રતિપાલ રે, સદ્ગુરુજી મારા;
હું છું અજ્ઞાની નાનું બાળ રે, વિશ્વંભર વાલા.

નજરો કરો તો લીલા નિરખું રે, સદ્ગુરુજી મારા;
હૃદય કમળમાં ઘણું હરખું રે, વિશ્વંભર વાલા.

માયાના બંધથી છોડાવો રે, સદ્ગુરુજી મારા;
ભક્તિના ભેદ બતાવો રે, વિશ્વંભર વાલા.

ત્રિવિધ તાપ શમાવો રે, સદ્ગુરુજી મારા;
ભવસાગર પાર ઉતારો રે, વિશ્વંભર વાલા.

તૃષ્ણાના પૂરમાં તણાયો રે, સદ્ગુરુજી મારા.
બૂડતાં બાંય મારી ગ્રહો રે, વિશ્વંભર વાલા.

કામી ક્રોધી ને લોભી જાણી રે, સદ્‌ગુરુજી મારા;
દાસ સર્વેને લેજો તારી રે, વિશ્વંભર વાલા

## નાથ! હું જેવો તેવો

નાથ! હું જેવો તેવો પણ તારો, મને રંકને પાર ઉતારો;
નાથ! હું જેવો તેવો પણ તારો૦

જોગ ધ્યાન ને જપ તપ તીરથ, નાથ નથી રે નીપજતાં;
મનડું પાપી મારે કુદકા, ભગવંત તુજને ભજતાં. નાથ૦

મધ્ય દરિયે જીવ મચ્છ મૂંઝાણો, તુષ્ણાને નથી તજતો;
સામે ભાળે કાળ ખડો પણ, નફ્ટ કાંઈ નથી સજતો. નાથ૦

અંતરની દુગ્ધાને વારે, તન મન વ્યાધિ ટાળે;
દેવ દયાનિધિ, નવીન પાપીને, આપ વિના કોણ તારે?
નાથ! હું જેવો તેવો પણ તારો૦

## એવી મારા રાજની વાણ

શાતા થોડી અશાતા ઘણેરી એવો છે સંસાર,
જીવનમાં જ્યારે ઝાળ લાગે ને અંગે ઊઠે અંગાર;
છાંટે ત્યારે શીતળ પાણી એવી મારા રાજની વાણી.

રાગ નથી અને દ્વેષ નથી, એ છે પ્રેમનો પારાવાર,
નિશદિન એના આત્માથી વહેતી, કરૂણારસની ધાર,
શાંતિ પામે સઘળા પ્રાણી, એવી મારા રાજની વાણી.

જૂઠાને કર્યા સત્યપરાયણ, ઉગાર્યા ઉગરી બ્હેન,
ડુંગરભાઇનો ગર્વ ઉતાર્યો, એણે કહી મરમાળ,
વ્હે એ તો સિંહરસ વાણી, એવી મારા રાજની વાણી.

જાદુ ભરેલા શ્રી રાજના વચનો પાપીઓને પીગળાવે,
પાપના પંથમાં કાયર બનાવે, કોમળતા પ્રગટાવે,
પાસે એની ઠરતા પ્રાણી, એવી મારા રાજની વાણી.

મંગલકારી શ્રી રાજની વાણી, જાણે અમૃતની ધાર,
ઝીલી શકે ના અંતર જેનું, એળે ગયો અવતાર,
એ તો મોક્ષચારિણી, એવી મારા રાજની વાણી.

## પ્રભુ ! એવું માગું છું

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું;
રહે ચરણકમળમાં ધ્યાન, પ્રભુ એવું માગું છું. ૧

તારું મુખડું પ્રભુજી હું જોયા કરૂં,
રાત દહાડો ભજન તારા બોલ્યા કરૂં,
રહે અંત સમય તારું ધ્યાન પ્રભુ એવું માંગું છું. ૨

મારી આશા નિરાશા કરજે નહિ,
મારા અવગુણ હૈયામાં ધરજે નહિ,
શ્વાસે શ્વાસે રહે તારૂં નામ પ્રભુ એવું માંગું છું. ૩

મારા પાપ ને તાપ સમાવી દેજે,
તારા ભક્તોને શરણુમાં રાખી લેજે,
આવી દેજે દરશન દાન પ્રભુ એવું માગું છું. ૪

## જબ પ્રાણ તનસેં નીકલે

ઈતના તો કર હો સ્વામી,
જબ પ્રાણ તનસેં નીકલે
તેરા નામ પ્રભુજી મેરે,
હર બાર મુખસેં નીકલે.

ઈસ દુનિયાકી કુછ યાદ ન હો,
તુમ નૈનન મેં મેરે સાથ રહો;
બંધન કટ જાય સબહી મેરે,
જબ પ્રાણ તનસે નીકલે.

મેં લોભ મોહ સે બચ જાઉં,
ઔર ભવસાગર સે તર જાઉં;
ઓ તેરી દયા કી એક નજર,
જબ પ્રાણ તનસે નીકલે.

## તત્ત્વજ્ઞાની શ્રી રાજચંદ્રજી

સૌરાષ્ટ્ર સુંદર દેશમાં બંદર વવાણિયા છે ભલો,
ત્યાં પરમ પુરૂષ નિધાન પ્રગટયો માનસર જયમ હંસલો;
તસ રત્નકુક્ષિ દેવમાતા દેવસુત પ્રસવ્યો ખરો;
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૧

જસ જનક રવજીભાઈ કુળનભ દિવ્યમણિ રૂપ ધારતા,
મિથ્યાંધકાર મટાડવા શુભજ્ઞાન કિર્ણ પ્રસારતા;
વળી ભવિકજન પ્રતિબોધવા અવતાર અવનીમાં ધર્યો;
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૨

તસ જન્મ ચંદ્ર ભક્તિ યુગ્મ વેદ કાર્તિકી પુનમે,
જન્મ્યા જગતમાં દેવ તેથી દેવદિવાળી ગમે;
તે બાહ્યથી ગૃહવાસમાં પણ અંતરંગે મુનિવરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૩

સ્યાદ્વાદ શૈલી સકળ જાણી ઓળખાવે ઓરને,
નિજધર્મથી નવિ સમય ચૂકે કાઢી મૂકે ચોરને;
વળી સ્વપરનું જે સ્વરૂપ જાણે જ્ઞાનનો સાગર ભર્યો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૪

નહિ રાગ ને વળી દ્વેષનો લવલેશ આત્મપ્રદેશમાં,
પરમાત્મ સમજો ધર્મમૂર્તિ દેહધારી વેશમાં;
કળિકાળમાં ભવરોગ હરવા વૈદ્ય માનું આ ખરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૫

હે પતિતપાવન ! પતિત તું આ દાસને ઉદ્ધારજે,
કુમતાંધ નિવારી ભવોભવ ઉદધિ પાર ઉતારજે;
તુજ કરકમળથી જયપતાકા જૈનની જગ વિસ્તરો,
પ્રભુતુલ્ય મહાશય તત્ત્વજ્ઞાની રાજચંદ્ર મયા કરો. ૬

ઉપશમ રંગ તરંગ ભરિયો જ્ઞાન દરિયો ગુરુ મળ્યો,
પણ અશુભયોગે કર્મરોગે શુદ્ધ હીરો નવ કળ્યો;
ખીર નીરની પરે ભિન્ન કીધો રાગદ્વેષ કર્યો પરો,
ચિરંકાળ જીવો જ્ઞાનદીવો રાજચંદ્ર મયા કરો. ૭

## સહજાત્મસ્વરૂપ ! ટાળો ભવકૂપ

સહજાત્મસ્વરૂપ ! ટાળો ભવકૂપ, અખિલ અનુપમ બહુનામી;
પ્રભુ નિષ્કામી, અંતરજામી, અવિચળધામી હે ! સ્વામી.
સહજાત્મસ્વરૂપ૦

જય જય જિનેન્દ્ર, અખિલ અજેંદ્ર, જય જિનચંદ્ર હે દેવા;
હું શરણુ તમારે, આવ્યો દ્વારે, ચઢજો વ્હારે કરૂં સેવા;
સુખશાંતિદાતા, પ્રભુ પ્રખ્યાતા, દિલના દાતા હે સ્વામી.
સહ૦ ૧

જય મંગળકારી બહુ ઉપકારી, આશ તમારી દિલ ધરીએ;
અભયપદ ચહું છું, કરગરી કહું છું, શરણે રહું છું સ્તુતિ કરીએ,
આ લક્ષ ચોરાસી ખાણુ જ ખાસી, જાઉં છું ત્રાસી હે સ્વામી.
સહ૦ ૨

નવ જોશો કદાપિ, દોષો તથાપિ, કુમતિ કાપો હે ભ્રાતા;
મુક્તિપદ દાતા, પ્રમુખ મનાતા, સન્મતિ દાતા હે ત્રાતા;
કૃતિઓ નવ જોશો અતિશય દોષો સઘળા ખોશો હે સ્વામી.
સહ૦ ૩

હું પામર પ્રાણીનું દુઃખ જાણી, અંતર આણીને તારો;
ઘર ધંધા ઘાણી શિર લઈ તાણી, ભટકયો ખાણી ભવ ખારો;
મને રસ્તે ચડાવો, કદી ન ડગાવો, ચિત્ત રખાવો દુઃખ સ્વામી.
સહ૦ ૪

ઉત્તમ ગતિ આપો, સદ્ધર્મ સ્થાપો, કિલ્વિષ કાપો હાથ ગ્રહી;
પ્રકાશે પ્રતાપો, અખિલ અમાપો, ભવદુઃખ કાપો નાથ સહી;
અવનીમાં તમારો સૌથી સારો જે શુભ ધારો સુખધામી.
સહ૦ ૫

---

## સિકંદર શહેનશાહના મરણ વખતનાં ફરમાનો

મારા મરણ વખતે બધી મિલ્કત અહીં પથરાવજો;
મારી નનામી સાથ, કબ્રસ્તાનમાં પણ લાવજો. ૧

જે બાહુબળથી મેળવ્યું તે, ભોગવી પણ ના શકયો;
અબજોની મિલ્કત આપતાં પણ, એ સિંકદર ના બચ્યો. ૨

મારું મરણ થાતાં બધાં, હથિયાર લશ્કર લાવજો;
પાછળ રહે મૃત દેહ, આગળ સર્વને દોડાવજો. ૩

આખા જગતને જીતનારું, સૈન્ય પણ રડતું રહ્યું;
વિકાળ નરદળ ભૂપાળને, નહિ કાળથી છોડી શકયું. ૪

મારા બધા વૈદો હકીમોને આંહી બોલાવજો;
મારી નનામી એ જ વૈદોને ખભે ઉપડાવજો. ૫

દર્દીઓના દર્દને દફનાવનારું કોણ છે!
દોરી તુટી આયુષ્યની, ત્યાં સાંધનારું કોણ છે! ૬

બાંધી મૂઠીને રાખતાં, જીવો જગતમાં આવતાં;
ને ખાલી હાથે આ જગતના, જીવો સહુ ચાલ્યા જતાં. ૭

